
# અધ્યાત્મ




વર્ષ : ૨૩ જૂન : ૨૦૦૨ અંક : ૯

## * સંસારમાં બે પ્રકારના મહાપુરુષ *

આ સંસારમાં બે પ્રકારના મહાપુરુષો છે. પહેલા પ્રકારના મહાપુરુષો શરીરનો ત્યાગ કરીને પરમાત્મામાં સંપૂર્ણપણે મળી જાય છે, અથવા એક થઇ જાય છે. તે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવી રાખવામાં રસ ધરાવતા નથી. પરંતુ બીજા પ્રકારના મહાપુરુષોનું બંધારણ જરાક જુદું હોય છે. તેમણે પરમાત્મા સાથે એકતા સાધી લીધી હોવા છતાં શરીર છોડયા પછી તે પરમાત્માનો સાક્ષાત્કાર કરીને જીવન્મુક્તપદે પહોંચી ગયા, પણ હવે બીજાને પૂર્ણતા ને મુક્તિનો માર્ગ બતાવીએ : બીજાને પરમાત્માનો સાક્ષાત્કાર કરવાના કલ્યાણ કામમાં મદદ કરીએ, ને સંસારમાં ઈશ્વરનો સંદેશ ફેલાવીએ. તેવા પુરુષો જરા વધારે પ્રેમાળ ને પરગજુ સ્વભાવના હોય છે. લોકસંગ્રહમાં માને છે. તેથી શરીરને છોડી દીધા પછી પણ પોતાના અલગ અસ્તિત્વને ટકાવી રાખે છે. તેમાંના કોઈ સૂક્ષ્મ શરીરે, તો કોઈ સ્થૂલ શરીરે પણ રહે છે. તે સિદ્ધ કે મુક્ત કોટિના હોય છે. તે પુરુષો પોતાની ઈચ્છાનુસાર શરીર ધારણ કરે છે અથવા જન્મે છે. પણ તેમને બાળપણથી જ પોતાના મૂળ સ્વરૂપનું જ્ઞાન હોય છે ને પોતે જે હેતુ માટે શરીર ધારણ કર્યું છે, તેનો પણ ખ્યાલ હોય છે. તે સંસારમાં ફસાતા નથી. બાળપણથી જ પ્રભુને પંથે વળી જાય છે; પોતાના જીવનદ્વારા તે કેટલાય લોકોનું કલ્યાણ કરે છે; ને પોતાનું કાર્ય પૂરું કરીને પોતાના મૂળ સ્વરૂપમાં મળી જાય છે.

**યોગેશ્વરજી**

# અધ્યાત્મ


**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫–૦૦**

વિદેશમાં રૂા. **૨૫૦–૦૦** (વિમાનથી)

⊗ **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).

⊗ **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

⊗ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.

⊗ **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઈ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.

⊗ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની. ફોન : **૫૬૫૮૧૧**

⊗ **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪સી–૧, બોરડીગેટ, ભાવનગર–૧. ફોન : **૨૦૨૧૬૧**


### લેખકોને નિમંત્રણ

⊗ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે. ⊗ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

⊗ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો. ⊗ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો. ⊗ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે. ⊗ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે. ⊗ 'અધ્યાત્મ'અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે. ⊗ દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| અભિનંદનીય શુભસંકલ્પ | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| ધન્ય દિવસ | યોગેશ્વરજી | ૧૧ |
| મુસ્લિમ સંત સાલબેગ | કિશોરકાન્ત ઓઝા | ૧૨ |
| તે જ તરે ને તારે | યોગેશ્વરજી | ૧૫ |
| પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો લીલાવિહાર | કલ્યાણ | ૧૭ |
| કૃપા | યોગેશ્વરજી | ૩૩ |
| અમેરીકન છોકરી | યોગેશ્વરજી | ૩૫ |
| માંડૂક્ય ઉપનિષદ્ (૬) | યોગેશ્વરજી | ૩૮ |
| શ્રીરામકૃષ્ણદેવના ભક્તિસૂત્રો–૩ | યશસ્વીભાઇ મહેતા | ૪૩ |
| જીવનની કૃતાર્થતા | યોગેશ્વરજી | ૪૮ |
| ભારતમાં વિદેશી સ્ત્રી સાધ્વી સંત | એન. કે. વૈષ્ણવ | ૪૯ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૦ |


# * અભિનંદનીય શુભસંકલ્પ *

શ્રી વાસુદેવ શ્રી પદ્માબેન–[એડમન્ટન–કેનેડા]
શ્રીઅંબેલાલ શ્રી હંસાબેન–[ટોરન્ટો–કેનેડા]
શ્રીપ્રભુદાસ શ્રી રૂક્ષ્મણીબેન–[ટોરન્ટો–કેનેડા]

**કેનેડાની આ ત્રીજી શિબિરની પૂર્ણાહુતિ પ્રસંગે આ ભક્ત ત્રિપુટીના મનઅંતરે શુભસંકલ્પ જાગ્યો. અધ્યાત્મમાસિકનો જૂન ૨૦૦૨ના અંકનો આર્થિક ભાર અમે સાથે મળીને ઉપાડીશું.**

**પૂ. શ્રી ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના ચરણકમળમાં પૂ. મા સર્વેશ્વરીની કૃપા–પ્રેરણાથી અર્પણ કરી રહ્યા છીએ.**

* * *

**હે ભક્ત ત્રિપુટી આપનું સર્વ પ્રકારે સર્વ મંગલ થાઓ એવી પ્રાર્થના.**

**અતિશય મોંઘવારીમાં આપ જેવા થાંભલાઓના ટેકાથી અધ્યાત્મની ઇમારત ૨૨ વર્ષથી ગૌરવ સાથે ઉન્નત મસ્તકે ઊભી છે. એથી પણ આપ અભિનંદનના અધિકારી છો.**

**આભાર–અભિનંદન–આશીર્વાદ પ્રભુના.**

**— મા સર્વેશ્વરી.**

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૩ જૂન–૨૦૦૨ અંક : ૯


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

તા. ૧૩/૯/૮૧ રવિવાર, ભાદરવા સુદ ચૌદશ, ૨૦૩૭

સ્થળ : બોલ્ટન શહેર–ઈંગ્લેન્ડ.

પૂ. શ્રી દરરોજ સવારે નિયમિત વ્યાયામ કરે છે. સ્નાન કરીને કપડાં જાતે જ ધુએ છે. ૧૦૦ માળા મંત્રજપ કરી લે છે. પછી સાડાઅગિયાર સુધી લેખન કરે છે. સર્વેશ્વરીનો પણ એ જ ક્રમ છે.

સવારે યજમાનબેન સાથે બીજા ઓરડામાં સર્વેશ્વરી વાત કરી રહ્યાં છે તે બેને પોતાના જીવનની વાતો, પોતાના ઘરે ઉતરતા સંતોની વાતો કરી. સર્વેશ્વરીને કહેવા લાગ્યાં. : મારે તમને પગે લાગવું છે.

સર્વેશ્વરી : ચાલશે, શા માટે પ્રણામ કરવા છે?



તે બેન : ના, તમે તો સતી છો સતી.

સર્વેશ્વરી : કેમ એવું બોલો છો? હું તો તમારા જેવી જ છું.

તે બેન : મેં આ વાત કોઈને કહી નથી, પણ તમને કહું. હું પ્રવચનમાં બીજે દિવસે ત્યા હોલમાં આવીને ખુરશી ઉપર બેઠી, ત્યારે તમે કંઈક જુદાં જ લાગતાં હતાં. તમારા મોઢા ઉપર મને તેજ તેજ લાગતું હતું. વળી ત્રીજે દિવસે મેં મારી બેસવાની જગ્યા વચ્ચેની હરોળમાં બદલી, ત્યારે તે બદલેલી જગ્યા ઉપરથી પણ તમારું મોઢું કંઈક જુદું જ તેજોમય લાગ્યું. ગઈકાલે મેં ત્રીજીવાર જગ્યા બદલી, ને તમે જ્યારે તમારા આસન ઉપર જઈને બેઠાં, એટલે તરત જ તમારું મોઢું બદલાય ગયું. તેજથી ભરાઈ ગયું. ત્યારે મને થયું કે ત્રણ ત્રણ દિવસથી પ્રવચનમાં મને આવું દેખાય છે તો તમે તો સતી જ છો.

અહીં આખો દિવસ હું તમને જોઉં છું. પણ ત્યારે તમારું મોઢું સાદુ જ લાગે છે. ત્યાં મંદિર છે એટલે તમારું રૂપ મને ત્યાં જુદું જ લાગે છે.

કોના જેવું દેખાય છે તે બતાવું?

એમ કહી તે બેને હનુમાનજીનો એક તેજસ્વી મુખાકૃતિવાળો ફોટો બતાવી કહ્યું તમારું રૂપ આવું દેખાય છે.

સર્વેશ્વરી : તમારું દિલ ભોળું ને પવિત્ર એટલે ભગવાન તમને એવું બતાવે, તે ખોટું નથી. સારું ગણાય.

તે બેનને ખૂબ સંતોષ ને આનંદ થઈ ગયો. પછી તેમણે સર્વેશ્વરીને ચંદન ફૂલ લઈ સાષ્ટાંગ પ્રણામ કર્યા.

પ્રભુ કોને કેવી અનુભૂતિ ક્યારે આપે છે તે સામાન્ય માનવ શી રીતે જાણી શકે!

એ બેન સ્વભાવે સેવાભાવી, નિર્મળ ને ભોળાં છે. એમણે ગઈકાલે જ વાતો કરતાં કહેલું કે આ બધા મળવા આવે છે તે મુલાકાતમાં પ્રશ્નો પૂછે છે. તો મારે પણ કોઇ ગુરુ નથી, પણ હું ભારત ગયેલી ત્યારે સત્યસાંઇબાબાને ચરણસ્પર્શ કરીને પગે લાગેલી. એટલે તે જ મારા ગુરુ છે. એમ માની તેની બે માળા ફેરવું છું.

એ બેન પ્રભુપ્રેમી છે. સવારે ઊઠીને ચા પીવાની ટેવ છે. તો ચા પણ રસોડામાં જ્યાં ગુરુનો ફોટો છે ત્યાં અર્પણ કરે. પાન ખાવાની ટેવ છે તો પાન પણ ફોટા પાસે મૂકીને પછી જ ખાય છે. ભોજનની થાળી કે બીજું કંઇ પણ. તે તો પોતાના ગુરુને અર્પણ કરી, પછી જ લે.

વિદેશમાં આવો પવિત્ર જીવન જીવવાનો સંકલ્પ પણ એક સાધના જ છે. વાતચીત પૂરી થતાં સર્વેશ્વરી પૂ. શ્રીના ઓરડામાં આવે છે. એ બેન પણ પાછળ જ આવે છે. પૂ. શ્રીને શાંતિથી સાષ્ટાંગ પ્રણામ કરી વિદાય થાય છે.

સમયસર મુલાકાતીઓ આવી જાય છે. સૌ પ્રણામ કરીને બેઠા છે. મુલાકાતમાં માતાજીની માંદગીની વાતો થઇ. એક બેનના ૐ ના અર્થના પ્રશ્નમાં પૂ. શ્રીએ વિગતવાર સમજ આપી.

વળી આપદ્ધર્મ, દીવાળીનું મહત્ત્વ, આત્મજ્ઞાન, આત્મ-સાક્ષાત્કાર, આત્મદર્શનનો ભેદ વિગેરે પ્રશ્નો પૂછાયા. પૂ. શ્રીએ સુંદર માર્ગદર્શન આપ્યું. સર્વેશ્વરી અધ્યાત્મના કાર્યમાં હોવાથી પ્રશ્નોત્તરની નોંધ ન થઇ.

આજે મગભાત, શીરાનું ભોજન સર્વેશ્વરી બનાવે છે. ભોજન લીધું. ભોજન બાદ આરામ. સર્વેશ્વરી થોડી નોંધ કરે છે. પછી



યજમાન બેનની સાથે થોડીવાર વાતો કરવા બીજા ઓરાડમાં જાય છે.

યજમાનબેનને સર્વેશ્વરી રોજની નોંધ વાંચી સંભળાવે છે. પોતાની વાત લખેલી જાણીને સંતોષ વ્યક્ત કરી હાથ જોડી કહેવા લાગ્યાં.

અમારે ત્યાં ઘણા સંતો આવે છે. સૌની સેવા પ્રેમથી કરીએ છીએ પણ મને યોગેશ્વરજી ઉપર જરા વધારે શ્રદ્ધા છે. અને હવે તમારી ઓળખાણ થઇ છે તો તમારા ઉપર પણ ને વિશેષ ખેંચાણ રહે છે.

મને એમ થાય કે તમે અમારે આંગણે ક્યાંથી? એટલે જ મેં ગઇકાલે પેલીબેન પાસે તમારો ને યોગેશ્વરજીનો ફોટો પડાવ્યો. મારે તે ફોટો મારી પાસે રાખવો છે.

યજમાનબેન આટલી વાતચીત બાદ નીચે આવેલી દુકાન બતાવવા લઇ જાય છે. બધી સમજ પાડે છે. દુકાનમાં નાનું ટેલિવીઝન પણ હતું. જેથી દુકાનના કોઇ પણ ખૂણે કોણ શું કરી રહ્યું છે, તેના ફોટા પડયા જ કરે. ટેલિવીઝન કાઉન્ટર પાસે જ હતું જેથી એક જ વ્યક્તિ આ મોટી દુકાનનું ધ્યાન રાખી શકે. દુકાન ઘણી મોટી, ઘણા વિભાગોવાળી હતી જેથી ટેલિવીઝનની આ સગવડ ઘણી ઉપયોગી થઇ રહી હતી.

દુકાન જોઇને ઉપર આવતાં પાંચ વાગી ગયા હતાં. પૂ. શ્રીએ ચારથી પાંચ એક કલાક લેખન કર્યું હતું. પછી પાંચથી છ સર્વેશ્વરી સાથે ધ્યાનમાં બેઠા.

સાંજની મુલાકાતમાં શ્રી હરિભાઇ પોપટનામના કથાકાર પૂ. શ્રીને મળવા આવ્યા છે તેમનો કાર્યક્રમ પ્રેસ્ટન શહેરમાં ચાલી

રહ્યો છે. તેઓ ખૂબ નમ્ર ને વિવેકી લાગ્યા. તેમણે પૂ. શ્રીનું પ્રકાશના પંથે પુસ્તક વાંચ્યું હતું. તેમને પૂ. શ્રીએ થોડાં પુસ્તકો ભેટ આપ્યાં.

એક બેન સર્વેશ્વરીના કંઠે શિવસ્તુતિ ટેઈપ કરવા ઈચ્છતાં હતાં, જેથી આજે સ્તુતિ ગાવાનું બન્યું.

આજે પ્રશ્ન બાદ સર્વેશ્વરીએ પણ શ્રોતાઓની માગણીના પ્રત્યુત્તરરૂપે પૂ. શ્રીના જીવન ઉપર એક વાર્તાલાપ આપ્યો.

ઉતારા ઉપર આવી દૂધ અને ફળ લઈ આરામ.

**તા. ૧૪/૯/૮૧ સોમવાર, ભાદરવા સુદ પૂનમ, ૨૦૩૭**

**સ્થળ : બોલ્ટન શહેર–ઈંગ્લેન્ડ.**

પૂ. શ્રીનો સવારનો ક્રમ નિયમિત રહ્યો. સાડા અગિયાર વાગ્યાની મુલાકાતમાં ખાસકોઈ પ્રશ્નો ચર્ચાતા નથી. સૌ પૂ. શ્રીને વિદાય આપે છે. મુલાકાત બાદ સર્વેશ્વરી ખીચડી, કઢી, શાક બનાવે છે. દરરોજની જેમ પૂ. શ્રી સાથે સર્વેશ્વરી નીચે બેસીને ભોજન લઈ લે છે.

થોડો આરામ કર્યો. લેસ્ટર જવા વિદાય થવાનું છે. સત્સંગી ભાઈબેનો આવે છે. પૂ. શ્રી ઝાંબીયા દેશનાં સ્મરણોને યાદ કરે છે. થોડી વાતો થાય છે.

૧૪૫ માઈલ દૂર લેસ્ટર છે. એકસરખી ગાડી શ્રી વિઠ્ઠલભાઈ ચલાવે છે જેથી સમયસર લેસ્ટર આવી જવાનું બને છે.

સનાતનમંદિરના ઉતારાના એ પરિચિત સ્થાનમાં આવી ગયાં. મંદિરથી તે નજીક જ હતો. મંદિરના એક સેવકે ઘર ખોલીને સૂચના આપી કે તમારે નીચેના ભાગમાં રહેવાનું છે. મંદિરના નવા પૂજારી આવનાર છે તે ઉપરના ભાગમાં રહેશે.



પૂ. શ્રીએ તેમને કહ્યું. અમારે સવારે જપ, પ્રાર્થના, આસનો, લેખન વિગેરે કરવું હોય છે તેથી એકાંત જરૂરી છે.

તે ભાઈએ કહ્યું : પણ પૂજારી આવશે તે તો ઉપર જ રહેશે. તમારે નીચે જ રહેવાનું છે.

પૂ. શ્રી : તમારા મંદિરના સેક્રેટરી આવે એટલે તેમને અહીં મોકલજો તેની સાથે હું વાત કરીશ.

તે ભાઈ પૂ. શ્રીની વાત સાંભળી બહુ પ્રસન્ન ન થયા. તે ફરી મંદિરમાં જવા વિદાય થયા.

તે દરમ્યાન પૂ. શ્રીએ સર્વેશ્વરીને કહ્યું. જુઓ મંદિરના સંચાલકો જો નીચે જ રહેવાનો આપણને આગ્રહ કરશે અને સંતમહાત્માઓને આદરપૂર્વક ન જોશે તો આજે હું પ્રવચનમાં જાહેર કરીશ કે આવતીકાલથી પ્રવચન બંધ છે. અને આપણે બીજે સ્થળે જઈશું. મંદિરવાળા પ્રવચન માટે બોલાવે તો તેઓની ફરજ છે કે સંતોને સગવડ આપવી જ જોઈએ.

પૂ. શ્રીનો સ્વમાનભેર રહેવાનો નિર્ણય સર્વેશ્વરીએ પણ વધાવી લીધો. પરંતુ થોડી જ વારમાં મંદિરના સેક્રેટરી આવ્યા. તેમણે પૂ. શ્રીની વાત માન્ય રાખી ને ઉપરના એક ઓરડામાં કોઈ પણ જાતની વધુ વાતચીત કે ચર્ચા વિના ઉતારો નક્કી થયો.

પૂ. શ્રીએ કહ્યું : જુદી જુદી પ્રકૃતિવાળા લોકોની વચ્ચે રહેવાનું છે. એટલે એમાં એ સૌને વિવેક ને શિષ્ટાચારનું જ્ઞાન ન હોય તે સમજી શકાય છે. પણ એઓ કહે તે રીતે આપણે કરવાનું તે યોગ્ય નથી. જે સાચું ને સારું છે, તે જ કરવાનું.

આજે પ્રવચનનો પ્રથમ દિવસ હતો. લોકોની સંખ્યા સારી હતી. મંદિર પણ મોટો હોલ ધરાવતું હતું. મંદિરની જગ્યામાં

રાધાકૃષ્ણ, શિવલિંગ, માતાજીનાં એમ ત્રણ અલગ અલગ મંદિરો હતાં.

પ્રવચન કરનાર માટે કાયમી એક વ્યાસપીઠ બનાવેલી.

પૂજારીએ પૂ. શ્રીનું અને સર્વેશ્વરીનું ફૂલહાર ને ચંદનથી સ્વાગત કર્યું. નારદભક્તિસૂત્ર ઉપર પ્રથમ પ્રવચન થયું. પ્રવચનના અંતે સર્વેશ્વરીએ બે ભજનો ગવડાવ્યાં. અહીં શ્રોતાઓએ મંજીરા, તબલા ને હારમોનીયમ સાથે તે ભજનો ઝીલ્યાં, જેથી આનંદ આવ્યો.

પ્રવચન બાદ શ્રી દ્વારિકાદાસ પબારીનો પરિવાર મળ્યો વળી સાઉથપોર્ટથી ખાસ પ્રવચન માટે પધારેલા શ્રી મનહરભાઈ પણ મળ્યા.

શ્રી દ્વારિકાદાસે કહ્યું : અમે જેને માટે ભારત જવાના હતા તે શાસ્ત્રીજી (તાંત્રિક) પોતે જ લંડનમાં આવ્યા છે. એટલે યોગેશ્વરજીની લીલા ને કૃપાથી અમે ભારત ન ગયા તે સારું થયું. અમને ભારત જવાના આશીર્વાદ યોગેશ્વરજી એટલે જ આપતા ન હતા તે હવે સમજાયું.

શ્રી દ્વારિકાદાસની શ્રદ્ધાભક્તિ અનન્ય છે. પૂ. શ્રી માટે અલગ ઉતારાથી માંડીને બધી જ સેવા કરવા તેઓ તત્પર છે. તેમણે પૂ. શ્રીના કપડાં ધોવાની સેવા આગ્રહપૂર્વક માંગી. સૌ વિદાય થયા.

ઉતારા ઉપર આવી આરામ કર્યો.

(ક્રમશઃ)



# ધન્ય દિવસ

એ દિવસ મારા જીવનમાં ખરેખર ધન્ય હતો, જ્યારે મને તમારી માહિતી મળી, ને જ્યારે તમારા પ્રથમવારના ટૂંકા છતાં મહત્ત્વના મિલનથી મારી રગેરગમાં સ્નેહની સુરાવલિ ફરી વળી : એ દિવસ ખરેખર ધન્ય હતો.

તમારે માટે મેં ગીતો ગાયાં, વેદના વેઠી, લાગણી અનુભવી. અંતરના અંતરતમમાં તમારી ચાહના ભરીને, તમારી કાયમી પ્રસન્નતા કે કૃપા માટે તપસ્યા કરી : એ દિવસ પણ ખરેખર ધન્ય હતો.

વચ્ચે વચ્ચે, આ સંસારના કોલાહલની વચ્ચે, કોઈવાર તારા ને ચંદ્રથી મઢેલી નિઃસ્તબ્ધ રસીલી રાત્રિએ તો કોઈવાર વહેલી સવારે, આપણી એકાંત મીઠી મુલાકાત થઈ; આપણી આંખ જ નહિ પણ રગેરગ એક થઈ; વહાલની વાણી પણ વહેતી રહી. અનુરાગનો એ દિવસ પણ ખરેખર ધન્ય હતો.

ને હવે મને કહેવા દો કે તમારે લીધે મારું આખું જીવન ધન્ય છે, મંગલ છે, મધુમય છે. દિન ને રાત, પળ ને વિપળ, તમને જોવા દો ને કહેવા દો.... જીવનનો દરેક દિવસ.... તેની સાંજ ને સવાર, રાત ને મધરાત કે મધ્યાહ્ન-સાથે ધન્ય છે. તમારા કાયમી મેળાપથી ધન્ય છે.

યોગેશ્વરજી

# મુસ્લિમ સંત સાલબેગ

કિશોરકાન્ત ઓઝા

જગન્નાથજીની મહાન રથયાત્રા દર વર્ષે નીકળે છે.

મુસ્લિમ સંત શ્રી સાલબેગની નાની એવી સમાધિ પાસે આ રથયાત્રા થોડી વાર રોકાઇને જ આગળ વધે છે.

આ અસામાન્ય પરંપરા પ્રભુશ્રી જગન્નાથજીના પરમ ભક્ત શ્રી સાલબેગની અત્યંત રોચક ઘટના પ્રસંગથી જોડાયેલી છે.

એક મોગલ બાદશાહ હતો. એની બ્રાહ્મણ પત્નીથી જન્મ ધારણ કરનાર અને એ પણ જન્મ ૧૫૯૨ માં ઓરિસ્સામાં થયો હતો, એવું ઈતિહાસ દર્શાવે છે.

ઈતિહાસ સાક્ષી પૂરે છે કે અફઘાનો સાથે લડતાં લડતાં તેઓ ખૂબ ભંયકર રીતે ઘાયલ થયેલા. ઘાયલ સ્થિતિમાં સાલબેગે શ્રી-કૃષ્ણ ભગવાનને પ્રાર્થના કરવાથી તેમના ઘા ભરાય ગયેલા અને જખ્મી થયેલા ઘાઓમાં ચમત્કારી રીતે રૂજ આવી ગઇ હતી.

ભગવાન શ્રી કૃષ્ણ જગન્નાથ રૂપમાં જ બિરાજમાન હોવાને લીધે સંત–સાલબેગ ભગવાન પ્રતિ, કૃતજ્ઞ ભાવથી દૂર ઊભા રહીને દર્શન કરી લેતા. કારણ કે સાલબેગને મંદિરની અંદર પ્રવેશવાનો અધિકાર નહોતો.

મંદિર નજીક જ સાલબેગે પોતાનું એક સ્થાન બનાવ્યું હતું. અને જગન્નાથ શ્રી કૃષ્ણ તથા બીજા વૈષ્ણવ દેવ–દેવીઓની પ્રાર્થના–સ્તુતિ વગેરેમાં ભજનો બનાવી રચના કરી જાતે જ ગાતા રહેતા.



આમ શ્રી કૃષ્ણની ભક્તિમાં જ પોતાનું બાકી રહેલું જીવન પૂરું કર્યું હતું. હિન્દુ ન હોવાને લીધે સાલબેગ ભગવાનની વાર્ષિક રથયાત્રાના પ્રસંગે શ્રી પ્રભુનાં દર્શન કરી લેતા હતા.

એકવાર સાલબેગ એમની વૃંદાવન યાત્રા પૂરી કરી પાછા ફરી રહ્યા હતા ત્યારે રથયાત્રા ચાલુ થઇ ગઇ હતી. અને રથ-યાત્રામાં પહોંચી શકાય એમ નહોતું. તેથી સાલબેગે અંતઃકરણ-પૂર્વક આંતરિક રીતે ખરા દિલથી શ્રીકૃષ્ણ પ્રભુજીને પ્રાર્થના કરી કે મને આ વાર્ષિક રથયાત્રાના દર્શનથી વંચિત ના રાખતા.

રથયાત્રાના રથો તેના સ્થાન નજીક પહોંચ્યા, ત્યારે તેઓ હજી ખાસ્સા દૂર હતા. ઈતિહાસની વિગતો પ્રમાણે કે શ્રી કૃષ્ણ ભગ-વાને શ્રી સાલબેગની પ્રાર્થના સ્વીકારી ચમત્કાર સર્જ્યો.

શ્રી પ્રભુનો એ અનોખો ચમત્કાર હતો. જેમાં સંત–સાલ-બેગની ભક્તિનું મહાન ગૌરવ હતું.

અનેક હાથીઓ તથા હજારો લોકોએ સાથે મળીને રથને ખેંચવાનો પ્રયત્ન કર્યો, પરંતુ રથ–તસુભાર પણ આગળ ખસ્યો નહિ. ત્યાંસુધીમાં તો સંત શ્રી સાલબેગ આવી પહોંચ્યા. એમણે રથની રસ્સી પકડી ને રથને ખેંચ્યો, અને રથયાત્રા ચાલુ થઇ અને આગળ વધી શકી.

આ કારણથી જ સાલબેગના અવસાન પછી પણ દર વર્ષે સાલબેગની સમાધિ નજીક રથયાત્રા થોડો સમય વિશ્રામ લીધા પછી જ આગળ વધે છે.

સંત શ્રી સાલબેગ અને શ્રી જગન્નાથ પ્રભુના પરસ્પરના પ્રેમના બંધનનો આ કેવો અદ્‌ભુત સ્વીકાર? કવિ રસખાનના કૃષ્ણપ્રેમની અદ્‌ભુત રચનાઓની યાદ આપી જાય તેવી આ હિન્દુ મુસ્લીમ બિરાદરીની યશગાથા જેવી આ ઘટના—માનવ-સર્જિત જાતીય ભેદભાવને માન્ય રાખતી નથી. જય હો ભગવાન જગન્નાથનો—અને સંત શ્રી સાલબેગનો.

**સુવાક્ય**

પ્રેમ પ્રાર્થનાનું એક અગત્યનું અંગ કહેવાય છે. પ્રેમ પ્રાર્થનાનો પ્રાણ છે. પ્રેમપૂર્વક કરાતી પ્રાર્થના જલ્દી ફળે છે.
**યોગેશ્વરજી**

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
—: બનાવનાર :—
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ–૩૬૦૦૦૨



## * તે જ તરે ને તારે *

જે હિંમત ના કદિ હારે
જે દુઃખદર્દથી લેશ ડગે ના,
તેમ નિરાશા ધારે,
ડરે નહીં પરિતાપથકી જે
તે જ તરે ને તારે. જે૦

ભવાટવીનો ભય ભાળીને
આંસુ ન એકે સારે,
જીતે તે માને મધુ ના જે
કાયમ સાગરક્ષારે. જે૦

જે પતનથકી પણ ના ગભરાયે,
આગે જ બઢે પ્યારે;
પ્રલોભનોમાં અટવાયે ના,
તે ન મરે કો કાળે. જે૦

સૌભાગ્ય વરે તેને સાચે
સ્મિત સાથે સત્કારે;
આરાધના અખંડ ઊઠે છે
જેને અંતરતારે. જે૦

પરિશ્રમીને દુર્લભ ના કૈં,
પદાર્થ પામે ચારે;
પાગલ પુરુષાર્થીને પેખી
વિકટ વિજય પણ વારે. જે૦

— યોગેશ્વરજી

મેં ઘણીવાર લોકોને એવું કહેતાં સાંભળ્યા છે કે આપણે માણસનું ચારિત્ર્ય જોવાની જરૂર નથી, પણ તે કહે તે સાંભળવાનું છે–બીજી બાબતોમાં કદાચ આમ ચલાવી લેવાય. દાખલા તરીકે એક માણસ દુષ્ટ પ્રકૃતિનો હોય, તોપણ તે જ્યોતિષ, વિજ્ઞાન, ગણિત કે રસાયણ શાસ્ત્રો સંબંધમાં શોધ કરી શકે. પણ ધર્મની વાત સાવ જુદી છે. કોઇ અપવિત્ર વ્યક્તિ ધર્મનાં સત્યોને પ્રાપ્ત કરી શકતી નથી. —યોગેશ્વરજી

○

સૌજન્ય :


જ્યોતિષ વિષયક સચોટ માર્ગદર્શન
ધાર્મિક પૂજન વિધિ
કોમ્પ્યુટરાઇઝ્ડ જન્માક્ષર

✆ 436216
435371

॥ મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય ॥
પ્રોફેસર શ્રી વિજયભાઇ પંડિતજી
જ્યોતિષાચાર્ય, ડબલ ગોલ્ડ મેડાલીસ્ટ (M.S.U.)
૨૦૧/બી, 'સ્નેહસુધા', સુરસાગર સામે, મ્યુઝિક કોલેજની બાજુમાં,
દાંડીયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧. ફેક્સ : ૯૧(૨૬૫) ૪૩૫૩૭૧
Website : www.vijaybhaipanditji.com
E-mail : vijaybhaipanditji@hotmail.com




પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો

# લીલાવિહાર

કલ્યાણ

ફોરમ ફેલાઓ મધુ એમાં, પૃથ્વી કરો પ્રસન્ન,
પ્રેમપુનિત પાથરતા પ્રતિપળ, અર્પો અક્ષય ધન.
શમવો સૌની શૂળ, બનો એ શાંતિસુખ તણું મૂળ.

પૃથ્વીપટપર પૂ. શ્રી માનો લીલાવિહાર જનકલ્યાણ અર્થે અવિરત ચાલી રહ્યો છે. પૂ. શ્રીમાના સુગંધિત સુમનસમાં જીવન-માંથી ફોરમ ફેલાતી રહે છે અને સૌ પ્રસન્નતાનો પ્રસાદ પામતા રહે છે. માતૃસ્વરૂપે વહેતી એ વાત્સલ્યગંગા સૌ બાળકોના જીવન આંગણે સામેથી પધારે છે અને એ દિવ્ય વાત્સલ્યપાનથી સૌને નવજીવન ધરે છે. દિવ્યપ્રેમનું અક્ષયધન અર્પીને એ દિવ્યસમૃદ્ધિ-થી સૌને સમૃદ્ધ કરતાં રહે છે. સુખશાંતિના અખૂટ ભંડાર સમાં એ લીલાવિહારે સુખશાંતિ પથરાતી રહે છે.

પાંચેક માસના વિદેશ લીલાવિહાર પછી પૂ. શ્રી મા આજે સત્યપથથી સ્વર્ગારોહણ પધાર્યા છે. તા. ૨૩, જાન્યુ. ૦૨ થી તા. ૧૮ ફેબ્રુ. ૦૨ સુધી આ પરમ હિતકારી લીલાવિહારનું સૌભાગ્ય સ્વર્ગારોહણની તીર્થભૂમિને પ્રાપ્ત થયું છે. બપોર પછી બરાબર પાંચ વાગ્યે પૂ. શ્રી માનું શુભાગમન થયું. પૂ. શ્રી માના પાવન પાદસ્પર્શે સ્વર્ગારોહણની તીર્થભૂમિ સ્પંદિત થઇ ઊઠી. એ પરમ માતૃદર્શને બાળકો હર્ષઘેલાં થયાં. પૂ. શ્રી માના શ્રી ચરણોમાં પ્રણિ-પાત કરી સૌ બાળકોએ પૂ. શ્રી માનું ભાવભીનું સ્વાગત કર્યું.

બાળકોનો ભાવ સ્વીકારી પૂ. શ્રી મા ઓફિસમાં સોફાપર બિરાજ્યાં છે. હાજર રહેલા સૌ બાળકોનાં પૂ. શ્રી માએ ખબરઅંતર પૂછ્યા...

પૂ. શ્રી માના શુભાગમન સાથે સ્વર્ગારોહણમાં જે લીલામય સૃષ્ટિ સર્જાઇ તેના રસાસ્વાદનો આનંદ આપણે અહીં માણવાના છીએ.

### પ્રભુએ આપેલી તારીખ સાચી પડે છે

પૂ. શ્રી માના ભારત આગમનના એક માસ પૂર્વે જ્યારે શ્રી રાજુભાઇએ પૂ. શ્રી માને 'ભારત ક્યારે પધારો છો?' એમ પૂછ્યું, ત્યારે પૂ. શ્રી માએ અંતઃસ્ફુરણાથી સહજ જ કહ્યું, 'અમે તા. ૨૩, જાન્યુ. ૦૨ ના રોજ સ્વર્ગારોહણ આવીશું.' પૂ. શ્રી મા આજે જ્યારે બરાબર તા. ૨૩, જાન્યુ. ૦૨ ના રોજ સ્વર્ગારોહણ પધાર્યાં ત્યારે ઓફિસમાં સોફાપર બીરાજતાની સાથે જ પ્રથમ પાટીમાં લખ્યું, 'અમેરિકામાં પ્રભુએ સ્વર્ગારોહણ આગમનનો જે દિવ્ય- સંકેત તા. ૨૩ જાન્યુ.નો આપેલો તે અદ્દભુત રીતે આજે સાચો પડયો.' આજે બરાબર તા. ૨૩, જાન્યુ. ૦૨ ના રોજ પાંચ વાગ્યે પૂ. શ્રી મા સ્વર્ગારોહણ પધાર્યાં છે. શ્રી યોગેશ્વર પ્રભુએ સ્વર્ગા- રોહણ આગમનનો આપેલો દિવ્યસંકેત સાચો ઠર્યો તે પ્રેમાનંદના દર્શન સૌ પૂ. શ્રી માના મુખારવિંદપર માણી રહ્યા છે.

પૂ. શ્રી માનો લીલાવહાર આ પૃથ્વીપર શ્રી પ્રભુની ઇચ્છા- મુજબ ચાલી રહ્યો છે. જે સમયે જે ધરતીને પૂ. શ્રી માના પાવન પાદસ્પર્શનો દિવ્યયોગ પ્રાપ્ત થવાનો હોય ત્યારે ત્યારે તે ભૂમિમાં પૂ. શ્રી માના લીલાવિહારનો યોગ સર્જાય છે. પૂ. શ્રી માના સમર્પિત જીવનને શ્રી પ્રભુ અદ્દભુત રીતે સંભાળી રહ્યાં છે. પૂ. શ્રી માનાં એક એક ક્ષણનાં દિવ્યવિહારને પ્રભુ સારથિ બનીને



સંભાળી રહ્યા છે. 'દોરી સર્વ એનાં હાથમાં, ભરાવ્યું ડગલું ભરે' એ અનુભૂતિ સાકાર બની રહી છે.

વર્ષો પૂર્વે પૂ. શ્રી માનાં ભવ્ય ત્યાગ પહેલાં શ્રી યોગેશ્વર પ્રભુએ કહેલું, 'તમે એકલાં નહિ રહી શકો, તમારા ગુરુને તમારી જરૂર પડશે' શ્રી પ્રભુના આ શબ્દો અક્ષરસહ સાચા પડયા!

એ દિવ્ય સંકેત મુજબ પૂ. શ્રી માએ સર્વસ્વનો સંપૂર્ણ ત્યાગ કરીને શ્રી પ્રભુની સેવા માટે જીવન પૂર્ણપણે સમર્પિત કરી દીધું. આમ પૂ. શ્રી માની પળેપળની જીવનબાજી પ્રભુ અદ્દભુત રીતે સંભાળી રહ્યાં છે. શ્રી પ્રભુના આ દોરીસંચારની ખાત્રી આપતી પૂ. શ્રી માનાં સ્વર્ગારોહણના શુભાગમનની તા. ૨૩, જાન્યુ. સાચી ઠરે છે.

### પૂ. શ્રી મા ડોક્ટરના મનની વાત કહે છે

પૂ. શ્રી માનાં શુભાગમન સાથે સ્વર્ગારોહણતીર્થ સત્સંગ તેમ જ સેવાકીય પ્રવૃત્તિઓથી ધમધમી ઊઠે છે. પૂ. શ્રી માએ આ વિસ્તારના ગરીબ આદિવાસીઓ માટે મેડિકલ કેમ્પનું આયોજન કર્યું અને સ્ફળતાપૂર્વક પાર પાડયું. આ કેમ્પમાં ૨૪૦૦ દર્દીઓને સારવાર આપવામાં આવી. મેડિકલ કેમ્પની પૂર્ણાહુતિ પ્રસંગે જ્યારે ડોક્ટરોને એમ કહેવામાં આવ્યું કે કેમ્પના આયોજન વિષે કંઇ સૂચન હોય તો કહો, ત્યારે એક ડોક્ટર સૂચન કરવાની તૈયારી કરતા હતા તે પહેલાં જ પૂ. શ્રી માએ પાટીમાં લખ્યું. 'તમે જે દર્દીઓના મોતિયાના ઓપરેશન બાબત સૂચના આપવા માગો છો તે વાત અમે સ્વીકારીએ છીએ અને તારીખ નક્કી કરી ઓપરેશન કરી શકો છો!' પાછળથી ૨૨ દર્દીઓના મોતિયાના સફળ ઓપરેશનો થયાં પણ ડોક્ટરને જે સૂચન કરવાનું હતું તે

ડોક્ટરના અંતરની વાત ડોક્ટર કહે તે પહેલાં જ પૂ. શ્રી પાસે જણાવી દીધી! કેવું આશ્ચર્ય? પૂ. શ્રી માના અંતર્યામીપણાના ઐશ્વર્યને ડોક્ટરો અને શ્રોતાજનો અંતરથી વંદી રહ્યા.

**અમેરિકામાં શ્રી સુતરિયાભાઇની અદ્‌ભુત જીવનરક્ષા**

સ્વર્ગારોહણમાં પૂ. શ્રી માના દિવ્ય સાન્નિધ્યમાં પરમ આનંદમાં દિવસો વીતી રહ્યા છે. એક દિવસ સાંજે ન્યુજર્સીથી શ્રી સુતરિયાભાઇનો ફોન આવ્યો તેમાં તેમણે પૂ. શ્રી માએ તેમના જીવનની જે રક્ષા કરી તે વાત કરી ત્યારે આશ્ચર્યમુગ્ધ થઇ જવાયું!

અમેરિકામાં ન્યુજર્સી સ્થિત પૂ. શ્રી માના બાળભક્ત શ્રી ધનજીભાઇ સુતરિયાના જીવનમાં અચાનક ગંભીર માંદગી આવી પડી. નાના મગજની નસોમાં કંઇક મુશ્કેલી સર્જાતા એકાએક કટોકટીની સ્થિતિ સર્જાઇ ગઇ! અચાનક જીવન મૃત્યુના હાથમાં જઇ પડયું! અમેરિકન ડોક્ટરોએ નિદાન કરતાં કહ્યું કે આતો અસાધારણ માંદગી છે. જીવનને બચાવવાના સંજોગો ભાગ્યે જ દેખાય છે અને કદાચ જીવન રહે તોપણ જીવનભર અર્ધપાગલ અવસ્થામાં અથવા અપંગાવસ્થામાં રહેવું પડે!

ડોક્ટરોએ તેમની કુશળતા અજમાવવામાં કસર ન રાખી પરંતુ અંતે તેમના હાથ પણ હેઠાં પડયાં! ડોક્ટરોની કોઇ યુક્તિ ન ફાવી. ઈશ્વરની દિવ્યશક્તિ પાસે હાથ જોડયા સિવાય બીજો કોઇ ઉપાય ન હતો. શ્રી સુતરિયાભાઇને તો પ્રાર્થના કરવાની પણ સુધબુધ ન હતી પરંતુ જ્યારથી તેમને હોસ્પીટાલમાં લઇ જવામાં આવ્યા ત્યારે તેમા બંને બાળકએ પૂ. શ્રી માને રડી રડીને પ્રાર્થના કરવા લાગ્યાં કે 'હે મા, અમારા પપ્પાને બચાવો' એ શિશુસહજ



નિર્દોષ હૃદયમાંથી પ્રગટતી એ પ્રાર્થના એટલી તો હૃદયદ્રાવક હતી કે એ નિર્દોષ ક્રંદનનો પડઘો પડયો. કરુણાસાગર પૂ. શ્રી માનું અંતર દ્રવી ઊઠયું. પૂ. શ્રી મા તુરત જ પોતાના બાળભક્તની વહારે દોડયાં! પૂ. શ્રી માએ કરુણાનો ગોવર્ધન ધારણ કરીને પોતાના બાળભક્તને ઉગારી લીધાં. પૂ. શ્રી મા તો **कर्तुम् अकर्तुम् समर्थः** છે. તેમના માટે કશું જ અશક્ય નથી. પૂ. શ્રી માએ કરુણાવશ થઇને અશક્યનું શક્ય કરી દીધું! પૂ. શ્રી મા ઘણીવાર કહે છે 'ડોક્ટરો કંઇ અંતિમ નથી, અમે બેઠાં છીએ.'

પૂ. શ્રી માએ અનન્ય શ્રદ્ધાભક્તિ રાખનાર બાળભક્ત શ્રી સુતરિયાભાઇને મૃત્યુના મુખમાંથી ઉગારીને નવજીવન ધર્યું. ડોક્ટરો આશ્ચર્યમુગ્ધ બની ગયા! દિવ્યશક્તિની અલૌકિક કૃપાને તેઓ નજરે નિહાળી રહ્યાં હતા! દિવ્યશક્તિના અલૌકિક વિજ્ઞાન પાસે લૌકિક વિજ્ઞાને હાથ જોડવા જ રહ્યા. શ્રી સુતરિયાભાઇ આવી ગંભીર બીમારીમાંથી સાવ સ્વસ્થ થઇ ગયા તે ડોક્ટરો ઘડીભર માની શક્યા નહિ. તેથી ૧૧ ડોક્ટરોએ શ્રી સુતરિયા-ભાઇના ગણિત, વિજ્ઞાન વિગેરે વિવિધ વિષયોનાં ટેસ્ટ લીધા. બધાં જ ટેસ્ટમાં શ્રી સુતરિયાભાઇએ ડોક્ટરોની અપેક્ષા કરતાં વધારે ઉજ્જવળ પરિણામો બતાવ્યાં. અગિયાર અગિયાર અમેરિકન ડોક્ટરોએ દિવ્યશક્તિની દિવ્યકૃપાને ખુલ્લી આંખે કાર્યાન્વિત થતી જોઇને એ દિવ્યશક્તિને શ્રદ્ધાપૂર્વક નમી રહ્યા!

એક માત્ર પૂ. શ્રી માની કૃપાથી જ શ્રી સુતરિયાભાઇ માટે નવજીવનના દ્વાર ઉઘડયાં! પોતે કેવી રીતે પૂ. શ્રી માની કૃપાથી નવજીવન પામ્યા તે વાત તેમણે ફોનપર પ્રચંડ શ્રદ્ધા સાથે જુસ્સાપર્વક અને ગૌરવભેર કહી. પૂ. શ્રી માનાં અસાધારણ ઈશ સામર્થ્યવિના શ્રી સુતરિયાભાઇ માટે નવજીવન શક્ય ન હતું.

જેમણે જેમણે પૂ. શ્રી માના પાવન શ્રી ચરણોમાં મસ્તક મૂકીને એ શ્રી ચરણોનો આશ્રમ લીધો છે તેઓની જીવનરક્ષા થતી રહી છે. કેનેડાના શ્રી અંજુબેન તલાટી, સુરતના શ્રી દર્શનાબેન, વડોદરાના શ્રી મંજુબેન ભાવસાર, કલ્પેશભાઇ, કપૂરાના શ્રી લક્ષુભાઇ ભક્ત કુંડીના શ્રી કેસરબાઇ વિગેરે સૌ બાળકોને પૂ. શ્રી માએ કરુણાથકી પોતાના ઈશસામર્થ્યવડે નવજીવનનું દાન કર્યું છે. આપણે પણ એ પતિતપાવન શ્રી ચરણોમાં જીવન સમર્પિત કરીને રક્ષાછત્ર પામી લઇએ.

### શ્રી નરેન્દ્રભાઇને રક્ષાછત્ર ધરતાં પૂ. શ્રી મા

પૂ. શ્રી માના સ્વર્ગારોહણના લીલાવિહાર દરમ્યાન પૂ. શ્રી માની કૃપા, કરુણા, વાત્સલ્યભાવ પામવા વિદેશના બાળકો સતત ફોનદ્વારા પૂ. શ્રી માના સંપર્કમાં રહેવા પ્રયત્ન કરતા રહે છે. આજ હેતુથી એક દિવસ અમેરિકાથી શ્રી ધીરજબેન અને શ્રી નરેન્દ્રભાઇ નાણાવટીનો ફોન આવે છે. તેઓ સ્વર્ગારોહણના બાળકોને ફોનપર પૂ. શ્રી માના પોતાના કૃપા અનુભવોની અલૌકિક વાતો કરે છે.

શ્રી નરેન્દ્રભાઇ પૂ. શ્રી માની અદ્‌ભુત કૃપાનો અનુભવ વર્ણવતા કહે, 'અમે દંપતી પૂ. શ્રી માની અનુમતિ મેળવીને કૈલાસ માનસરોવરની યાત્રાએ ગયા હતા. ઘોડાપર બેસીને અમારી યાત્રા આગળ ચાલી રહી છે. ઘોડાપરની સવારી દરમ્યાન અચાનક અકલ્પનીય ઘટના બની ગઇ! મારો ઘોડો અચાનક ભડક્યો અને આગળના બે પગ ઊંચા કરીને હવામાં કૂદ્યો. હું ઘોડાપરથી નીચે લબડી પડયો. રસ્તાની બાજુમાં જ ઊંડી ખીણ હતી. હું ગબડતો ગબડતો ખીણથી માત્ર દોઢ જ ફૂટ રહ્યો. જાણે મોતનો કિનારો આવી ગયો હતો. એ અવસ્થામાં ખીણમાં ગબડી પડવાની તૈયારી જ હતી! મારા શરીરપર મારો કાબૂ ન હતો. મૃત્યુની સમીપે પહોંચવાની તૈયારી હતી. તેવા કટોકટીના સમયે મને એક અદ્‌ભુત અવનવું દિવ્ય દર્શન થયું. પૂ. શ્રી મા સફેદ ઘોડાપર સવાર થઇને પધાર્યાં, તુરત જ મારો હાથ પકડીને ખીણમાં ગબડી પડતો બચાવીને રસ્તાની વચ્ચે મૂકી દીધો!'



કેવું પરમ આશ્ચર્ય! કેવું અદ્‌ભુત રક્ષાછત્ર પૂ. શ્રી માએ ધર્યું? દ્રૌપદી અને ગજરાજની વહારે ધાયા એટલી જ ત્વરાથી પૂ. શ્રી માએ પોતાના અલકિક ઈશસામર્થ્યવડે શ્રી નરેન્દ્રભાઇને ઉગારી લીધા! સમર્થનું શરણું કેટલું સલામત છે તે તો આવી મૃત્યુની કટોકટીવેળાએ જ અનુભવાય.

અકસ્માત્ વખતે જેવી રક્ષા શ્રી કંચનબેન અને ભગવાનજીભાઇની થઇ, એવું જ કૃપારક્ષાછત્ર પૂ. શ્રી માએ શ્રી નરેન્દ્રભાઇ ઉપર ધર્યું અને મૃત્યુના મુખમાંથી ઉગારીને નવજીવન બક્ષ્યું.

### શ્રી પ્રવીણભાઇની પ્રાર્થના સંભળાઇ

સ્વર્ગારોહણની તીર્થભૂમિમાં પૂ. શ્રી માના પ્રત્યક્ષ સાન્નિધ્યમાં સાચા ભક્તસેવકો પૂ. શ્રી માનો કૃપા અનુભવ પામતા રહે છે.

સુરતના શ્રી પ્રવીણભાઇ સોરઠીયા સ્વર્ગારોહણતીર્થના ભક્તસેવક છે. ઈલેક્ટ્રીકને લગતી નાનીમોટી અનેક સેવાઓ વર્ષોથી પ્રેમપૂર્વક બજાવે છે. સ્વર્ગારોહણતીર્થની સફાઇથી માંડીને દરેક સેવા ભાવપૂર્વક, હોંશપૂર્વક કર્યા જ કરે છે. જેમ બાળક માતાપિતાના પ્રેમને ઝંખ્યા કરે તેમ શ્રી પ્રવીણભાઇ પોતાના આરાધ્યા પરમમાતા પૂ. શ્રી માના આશીર્વાદની ઝંખના સતત કર્યા કરતા. બસ, એક વખત પૂ. શ્રી મા પોતાનો વરદહસ્ત મારા મસ્તકે

પધરાવે એવી પ્રાર્થના સહજ તેમના અંતરમાં ઊઠયા કરતી. પોતાના પરમ માતાનું વાત્સલ્ય માણવાની કોને ઝંખના ન હોય? પૂ. શ્રી માનાં બાળકોની તો એ દિવ્ય વાત્સલ્ય પામવું તે જ સાધના છે. એટલે શ્રી પ્રવીણભાઇ આ પરમ ધન્યતા અનુભવવા તલસતા હતા.

એક વખત તેઓ કુટિયાપાસેના મેદાનમાં સફાઇનું સેવાકાર્ય કરતા હતા. એ દરમ્યાન પૂ. શ્રી મા સ્વર્ગારોહણતીર્થમાં લટાર મારતાં પાછળના મેદાનમાં પધાર્યાં. લટાર મારતાં મારતાં સહજ જ સેવાકાર્ય કરતા શ્રી પ્રવીણભાઇની પાસેથી પસાર થયાં. કલ્પના-તીત પ્રસંગ સાકાર બની ગયો! અચાનક વાદળી આવી ને વરસી ગઇ! પૂ. શ્રી માએ શ્રી પ્રવીણભાઇના મસ્તકે પોતાનો વરદહસ્ત પધરાવ્યો, એટલું જ નહિ પરંતુ ખૂબ પ્રેમપૂર્વક પીઠપર વરદહસ્ત ફેરવીને કૃતાર્થ કરી દીધાં! જાણે જીવન સાફલ્યનો એક અધ્યાય સાર્થક થઇ ગયો! તેમની પરમ ધન્યતાનો કોઇ પાર ન રહ્યો, અંતરમાં જાણે આનંદના ઉમટતા પૂર સાથે અમને જ્યારે પૂ. શ્રી માની કૃપાની વાત કરતા હતા ત્યારે અમે પણ એ પ્રેમપૂરમાં સ્નાન કરી લીધું! નિર્ધનને જાણે ખજાનો મળી ગયો હોય તેમ પૂ. શ્રી માનાં આશીર્વાદથી સેવામય જીવન આજે કૃતાર્થ થઇ ગયું.

### શ્રી દીપુબેનની યોગતીર્થની દિવ્ય અનુભૂતિ

પૂ. શ્રી માની સ્વર્ગારોહણતીર્થની લીલાવિહાર યાત્રા સહજ ચાલી રહી છે અને બાળકો એ દિવ્ય તીર્થપ્રસાદ પામતાં રહે છે.

ઝણોરના ડો. નિર્વિકલ્પે શ્રી દીપુબેન પાસે એવી ખાત્રી સંપન્ન દરખાસ્ત મૂકી કે જો તેઓ યોગતીર્થમા 'શ્રી યોગેશ્વર લીલામૃત'નું પારાયણ કરશે તો તેમને સુંદર અનુભૂતિ થશે. શ્રી



દીપુબેનને તો 'જોઇતું હતું અને વૈદ્ય બતાવ્યું' એવું થયું. 'શ્રી યોગેશ્વર લીલામૃત'નું પારાયણ તેમની પ્રિય સાધના એટલે તો તુરત જ તેઓ યોગતીર્થના એક ખૂણામાં બેસીને પારાયણમાં મગ્ન બની ગયાં. ઘડીભર આસપાસનું વાતાવરણ વીસરાઇ ગયું. તનમન પારાયણમાં એકાગ્ર થઇ ગયાં. શ્રી દીપુબેનને ધ્રુવના જેવું થયું. ધ્રુવને જેમ ભગવાન વિષ્ણુએ કપોલ પ્રદેશપર શંખ લગાડી-ને જગાડયો અને સામેથી દિવ્ય દર્શન ધર્યાં તેમ પારાયણમગ્ન શ્રી દીપુબેનને મસ્તકે અચાનક પૂ. શ્રી માએ પોતાનો વરદહસ્ત પધરાવ્યો અને જાગ્યાં તો પરામ્બા મા ભગવતી ધવલ વસ્ત્રો ધારણ કરીને સલુણાસ્મિત સાથે દર્શન આપતાં હતાં. આ બ્રહ્માંડ-માં પૂ. શ્રી માના દર્શનથી વિશેષ દિવ્ય અનુભૂતિ શું હોઇ શકે? શ્રી દીપુબેનને તો આ દિવ્યદર્શનની અનુભૂતિની કલ્પના પણ ન હતી! પરંતુ મા જેનું નામ તે પોતાના બાળકોને પોતાના વાત્સલ્ય વારિધિમાં સ્નાન કરવાનું સૌભાગ્ય ન આપે એ બને જ કેમ? ડોક્ટરનો યોગતીર્થનો વિશ્વાસ સાર્થક થઇ ગયો, શ્રી દીપુબેનનું પારાયણ સાર્થક થઇ ગયું, યોગતીર્થ સ્વયં સાર્થક થઇ ગયું. પૂ. શ્રી માના શ્રી ચરણોમાં સોંપેલું જીવન સાર્થક થઇ ગયું. પૂ. શ્રી મા મળ્યાં એટલે બધું જ સાર્થક સાર્થક થઇ ગયું.

### શ્રી કલ્યાણ શ્રી ચરણકમલરજ પામીને ધન્યતા અનુભવે છે

પૂ. શ્રી માનું નિત્યલીલાદર્શન એ સ્વર્ગારોહણતીર્થની પરમ સાર્થકતા છે. આ જ એવું તીર્થ છે જ્યાં પૂ. શ્રી માના પ્રગટ સ્વરૂપના લીલાંદર્શન પામીને બાળકોની ધન્યતાનો કોઇ પાર રહેતો નથી. સ્વર્ગારોહણતીર્થના એક પુનિત પ્રભાતે પૂ. શ્રી માની પ્રણામલીલાના દર્શનથી ધન્ય બની, પ્રણામ અને પ્રાર્થનાનો અમૃત

આસ્વાદ માણ્યા પછી યોગશૈવલ્યમના બહારના ઓટલાપર બેસી, કેનેડાથી આવેલા શ્રી જગુભાઇ અને શ્રી નિરુબેન સાથે શ્રી કલ્યાણ પૂ. શ્રી માની સ્મરણમસ્તી માણી રહ્યા હતા. શ્રી જગુભાઇ એક સંગીતકાકરની અદાથી સરસ હારમોનીયમ અને તબલાં વગાડી જાણે છે અને શ્રી નીરુબેને તો પોતાનું કંઠમાધુર્ય પૂ. શ્રી માને અર્પણ કરી દીધું છે, એટલે અમારી ભજનઉષા બરાબર જામી હતી. હેમંતની હૂંફાળી પ્રભાતે યોગશૈવલ્યમના ઓટલે હારમોનીયમના મંગલ ધ્વનિ સાથે ભાવભર્યા સૂરો સ્વર્ગારોહણના પવિત્ર વાતાવરણમાં વહી રહ્યા હતા.

આજ સખી આનંદની હેલી,<br>
માતૃદર્શનને હું તો થઇ છું રે ઘેલી,<br>
ના ગઇ ગંગા, ગોદાવરી, કાશી,<br>
ઘેર બેઠાં મળ્યાં ગોલોક વાસી. આજ....

અમારા માટે એ ભજનમસ્તી જાણે આનંદસમાધિ હતી. આનંદ સિવાય ત્યાં બીજું કંઇ અસ્તિત્વ ન હતું! ભાવભરેલા હૃદયોને જ્યારે વ્યક્ત થવાનું સૌભાગ્ય મળે ત્યારે એ દિવ્યમાતૃદર્શન જ પરમલક્ષ્ય બની જાય છે. પૂ. શ્રી માના ગુણાનુવાદ ગાવામાં સહજ તન્મયતા અનુભવતું, મન બંધ આંખે આનંદસમાધિ માણતું હતું. ભજન પૂરું થતાં સહજ આંખો ખોલી તો એક પરમ આશ્ચર્યસભર દર્શન થયું. કલ્યાણના ખોળામાં શ્રી ચરણોમાં ધારણ કરતાં પૂ. શ્રી માની ચરણરજ સમાં સીંદુર કલરના મોજાં પૂ. શ્રી માની કૃપાપ્રસાદી સ્વરૂપે પડયાં હતાં. જ્યારે ખબર પડી કે શ્રી મહાલતાબેન પૂ. શ્રી માની કૃપાપ્રસાદી સ્વરૂપે મોજાં મૂકી ગયાં છે. ત્યારે હર્ષાન્વિત થયેલાં હૃદયના ખૂણેખૂણાં



ભીનાં થઇ ગયા! પૂ. શ્રી માની એ પાવન ચરણકમલ રજને મસ્તકે ધરી કલ્યાણની ધન્યતાનો કોઇ પાર ન રહ્યો. કલ્યાણ માટે જીવનના આ સર્વશ્રેષ્ઠ સાર્થકતા હતી! અલબત્ત આથી વિશેષ જીવનની સાર્થકતા શું હોઇ શકે?

પૂ. શ્રી મા ઘણીવખત વાત્સલ્ય અને કરુણાને વશ થઇને પોતાના પરમ માહાત્મ્યને તો ભૂલી જાય છે પણ સાથે સાથે સાધન દરિદ્ર એવા પોતાના બાળકની પાત્રતા પણ વિસરી જાય છે. દેવપુરુષો અને સિદ્ધપુરુષો તો ઠીક પરંતુ પરમ પુરુષ શ્રી યોગેશ્વરપ્રભુ પણ એ માતૃચરણરજને મસ્તકે ધરતાં ગૌરવાન્વિત થતાં હોય તો કલ્યાણ તો કોણ માત્ર? પરમશક્તિ પૂ. શ્રી મા પોતાના પરમ ઐશ્વર્યને ઘડીભર ભૂલી જઇને પોતાના બાળભક્તોપર વરસી જતાં હોય છે. પ્રગટ પરમપુરુષનો આજ મહાન લાભ છે કે એ શ્રીચરણોનો આશ્રય લેવા માત્રથી જ મુક્તિના મંગલદ્વાર ખૂલી જાય છે. એમની કૃપાદૃષ્ટિ માત્રથી બાળકો અખૂટ ખજાનો પામી જતા હોય છે.

પૂ. શ્રી માએ પોતાની શ્રી ચરણકમલરજને મસ્તકે ધરવાનું ગૌરવ કલ્યાણને ધર્યું તે કૃપાની અમરકથા હમેશાં અમર રહેશે, કદાપિ ભૂલાશે નહિ. હવે કલ્યાણના મસ્તકમાં મા સિવાય બીજું શું રહી શકે? કેવળ મા જ હોય! પૂ. શ્રી માએ જ જ્યારે કૃપા કરી છે ત્યારે જીવના અધિકાર કે ભૂમિકાની વાત ગૌણ બની જાય છે. કલ્યાણના મસ્તકે શ્રી ચરણરજ ધરવાની પૂ. શ્રી માને જ મોજ આવી ગઇ છે તો હવે કલ્યાણને શ્રી ચરણોમાં નિત્ય નિવાસ કરવાનો પરવાનો મળી ગયો છે.

તમારી કૃપા કદિના ખૂટે, એ તો અનંતધારે છૂટે.

## પ્રાર્થનાના પોકારો

સ્વર્ગારોહણના લીલાવિહાર દરમ્યાન પૂ. શ્રી મા દરરોજ સાંજે પ્રાર્થનાખંડમાં બાળકોને દર્શન તથા સત્સંગનો લ્હાવો આપતાં. પરંતુ ક્યારેક પૂ. શ્રી માને પણ બાળકો સાથે સંતાકુકડી રમવાની મજા પડતી. એટલે એક દિવસ પૂ. શ્રી માને પ્રાર્થના-ખંડમાં પધારતાં બહુ વાર લાગી. બાળકો ધૂનભજન કરી કરીને થાક્યા છતાં પૂ. શ્રી મા પધાર્યાં નહિ. એટલે બીજલની ધીરજ ખૂટી, તેણે પૂ. શ્રી માને સીધા જ પોકારો પાડવા માંડયા.

'દર્શન આપો મા કૃપા કરો.'

બીજા બાળકો પણ એ દર્શનના પોકારોમાં જોડાયાં. પોકારોનો ઉન્માદ વધતો જ ગયો, છતાં પૂ. શ્રી મા પધાર્યાં નહિ, પરંતુ પોતાના નિવાસના બારણાં પાછળ સંતાઈને બાળકોના પ્રેમોન્માદ માણતાં રહ્યાં. સંતાકુકડીની રમતમાં મજા પડી ગઇ! મા સંતાતાં હતાં, અને બાળકો પ્રેમપોકારોદ્વારા શોધતાં હતાં! હવે તો બીજલ ઊભી થઇ ગઇ, પોકારો તીવ્ર બની ગયા, દર્શનનો જંગ ખરેખર જામ્યો! પોકારોમાં હવે તો આર્દ્રતા ભળી, 'હે મા! હવે તો દર્શન આપો' સમુદ્રના મોજાંપર ક્યારેય કાબૂ હોય છે? જેવી પવનની તીવ્રતા એવડું મોટું મોજું ઉછળીને છેક કિનારાની પેલે પાર પહોંચી જાય છે. તેમ આર્દ્રપોકારો સાંભળી એ માતૃવાત્સલ્ય વારિધિમાં પણ બાળકોના પ્રેમપોકારોનો એવો તો પ્રતિઘોષ ઊઠયો કે વાત્સલ્યની ભવ્યભરતી સાથે એ 'વાત્સલ્ય વારિધિ' ઉછળીને પ્રાર્થનાખંડમાં રેલાઇ રહ્યો. બાળકો સ્નાન કરીને ધન્ય ધન્ય બની ગયાં! ફરી વખત કૃષ્ણ અને ગોપીઓની રાસલીલા રમાઇ ગઇ!

## ડો. નિર્વિકલ્પની માતાપિતાની સેવાનિષ્ઠા

સ્વર્ગારોહણતીર્થમાં પૂ. શ્રી માનો દેવદુર્લભ લીલાવિહાર ચાલી



રહ્યો છે. દિવ્યસ્મિતથી શોભતાં પૂ. શ્રી માનાં મુખારવિંદનાં દર્શનમાં બાળકો ઈશદર્શનની પરમતૃપ્તિ અનુભવીને ધન્ય ધન્ય બની રહ્યાં છે.

એક દિવસ સાંજની સત્સંગસભામાં ડોક્ટરને પૂ. શ્રી માએ પોતાના માતાપિતાની અવસ્થા અને એ અવસ્થામાં થતી સેવા વિષે વાત કરવાનું કહ્યું.

ડોક્ટર ભરુચ પાસેના ઝણોર ગામમાં પોતાનું દવાખાનું ચલાવે છે, અને ગામમાં સારી પ્રતિષ્ઠા ધરાવે છે. પોતે લગ્નજીવનમાં પ્રવેશ્યા નથી. માતાને પોતાની સાથે રાખીને સેવા કરી રહ્યા છે.

શ્રી ડોક્ટરે માતાની સ્થિતિ વિષે વાત કરતાં કહ્યું, 'મારી માતાની ઉત્તરાવસ્થા હોવાથી શરીર તેમ જ મગજની સ્વસ્થતા જાળવી શકતાં નથી. ક્યારેક ચીસો પાડી ઊઠે, ક્યારેક આવેલા દર્દીઓ સાથે અમસ્થાં જ ઝઘડે. એમને એક બાળકની જેમ સાચવીને જમાડવાં પડે છે. સ્નાન પણ કરાવવું પડે છે. ક્યારેક ચાલુ દવાખાને પણ ધાંધલધમાલ કરવા મંડે.' શ્રી ડોક્ટરે આગળ વાર્તાલાપ આપતાં કહ્યું, 'માતાની સેવા કરતાં ક્યારેક મન અસ્વસ્થ થાય ત્યારે પૂ. શ્રી યોગશ્વરપ્રભુના જીવનમાંથી પ્રેરણા લઈને સ્વસ્થ બની જાઉં છું. પૂ. શ્રી યોગશ્વરપ્રભુએ કપરા સાધનાકાળમાં કપરા સંજોગો વચ્ચે પણ પૂ. શ્રી જ્યોતિર્મયી માતાજીને સાથે જ રાખ્યાં. દેશવિદેશમાં બધે જ પોતાની સાથે જ લઇ ગયા. જીવનમાં ભયંકર બીમારીઓ આવી ત્યારે જાતે જ સેવા કરી. ઉત્તરાવસ્થામાં જ્યારે અંતિમ બીમારી આવી ત્યારે હાર્યા, થાક્યા કે કંટાળ્યાવિના અંતિમ શ્વાસસુધી રાતદિવસ ખડે પગે સેવા કરી. પૂ. શ્રીએ આદર્શ માતૃભક્તની જે પ્રતિષ્ઠા ઊભી

કરી છે તેમાંથી પ્રેરણા લઈને ક્યારેક કંટાળો આવે તોપણ વળી પાછા સ્વસ્થ થઈને માતાની સેવા કરવાનો અવસર તન, મન, ધનથી માણી રહ્યો છું. પિતાજી પોતાના વતનના ગામમાં રહે છે, તો ત્યાં પણ અઠવાડિયામાં એકાદ વખત જઈને તેમની સંભાળ લઈ આવું છું અને જરૂરી ચીજવસ્તુઓની સગવડતા કરું છું.'

ડૉ. ની માતાપિતાની સેવાથી પૂ. શ્રી મા ખૂબ જ પ્રસન્ન છે. એટલે તો ભક્તોને માતાપિતાની સેવાની પ્રેરણા મળે તે માટે સેવાનો આદર્શ ડૉક્ટરના વાર્તાલાપદ્વારા રજૂ કરી રહ્યાં છે. પૂ. શ્રી માએ પણ આદર્શ સેવાનો ઈતિહાસ રચ્યો છે. પૂ. શ્રી મા તો કહે છે કે માતાપિતા પ્રત્યક્ષદેવ હોવાથી તેમની સેવા એક ફરજ કે ધર્મ તો ખરો જ, પરંતુ માતાપિતાની સેવા એક આધ્યાત્મિક સાધના પણ છે. વળી અતિશય વૃદ્ધાવસ્થા એ બાલ્યાવસ્થા જેવી હોવાથી માતાપિતાના તનમનને આઘાત ન પહોંચે તે રીતે સાચવવા પડે છે.

ડૉક્ટર પણ માતાની સેવાદ્વારા આદર્શ માતૃભક્તનું ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. પોતાનું દવાખાનું ચલાવતાં ચલાવતાં શરીર ને મનપર કાબૂ ન ધરાવતાં એવા માતાની સેવા કેટલી કપરી હશે? છતાં થાક્યા કે કંટાળ્યાવિના સેવાનો દીપક સતત જલતો રાખી રહ્યા છે. વળી આવી સ્થિતિ વચ્ચે પણ પોતાની આધ્યાત્મિક સાધના પણ નિયમિત કર્યા કરે છે. ડૉક્ટર સાત વર્ષથી માતાની સેવા ભાવથી કરી રહ્યા છે તેથી પૂ. શ્રી મા તેમની માતૃભક્તિથી પ્રસન્ન થઈને તેમને તલના સાત લાડુ પ્રસાદીમાં આપ્યાં જ્યારે બીજા બાળકોને ત્રણ ત્રણ લાડુ આપ્યાં. જાણે પૂ. શ્રી માએ ડૉ. ની માતાપિતાની સેવાનું પુણ્ય અત્યારે જ પ્રસાદીરૂપે આપી દીધું!



## બાળકો વચ્ચે પૂ. શ્રી મા

બાળકો હમણાં હમણાં પૂ. શ્રી માના નિત્ય લીલાદર્શનનો ઉત્સવ માણી રહ્યાં છે. હમણાં વિશ્રામગૃહનું જૂનું મકાન પાડીને નવા મકાનના ભૂમિપૂજન માટેની તૈયારીને લીધે સતત કામ ચાલી રહ્યું છે. બાળકો હોંશપૂર્વક શ્રમ કરી રહ્યા છે એટલે પૂ. શ્રી મા પણ છોકરાઓને સતત પ્રોત્સાહન આપવા માટે પોતાના અગત્યના કામ એક બાજુ મૂકીને સતત બાળકો વચ્ચે જ રહે છે. કંઈ કંઈ રમૂજો કરીને બાળકોને હસાવતાં રહે છે, કંઈને કંઈ પ્રસાદી ખવડાવી ખવડાવીને પ્રસન્ન રાખી રહ્યાં છે.

બાળકોમાં શ્રમની, સેવાની, વ્યાયામની પ્રતિષ્ઠા પૂ. શ્રી માએ જ કરી છે. પૂ. શ્રી મા પણ જાતે જ સેવા કરવા લાગી જાય છે આમ સતત બાળકો વચ્ચે રહીને પૂ. શ્રી મા બાળકોનું ઘડતર, ચણતર કરી રહ્યાં છે. સ્વર્ગારોહણની સેવાને પૂ. શ્રી મા સાધનાનું સ્વરૂપ જ માને છે. એટલે તો બાળકોની સેવા બદલ દર્શનનો આવો અલૌકિક લ્હાવો સૌને આપી રહ્યાં છે. પ. શ્રી માની હાજરીમાં બાળકો અત્યારે સેવા, સત્સંગ, દર્શન અને સાન્નિધ્યનું દેવદુર્લભ પરમસુખ માણી રહ્યા છે. ખરેખર આવો દર્શનયોગ વારંવાર નથી મળતો.

## પૂ. શ્રી માની કરુણા

હમણાં વિશ્રામગૃહના મકાનનું વિસર્જન કામ ચાલી રહ્યું છે. આદિવાસી મજૂરો મજૂરીકામ કરી રહ્યા છે. મજૂરોને તે જોઈને તુરત જ પૂ. શ્રી માનું હૃદય દ્રવી ગયું. પૂ. શ્રી માને મન તો ગરીબ–તવંગર સૌ માનાં બાળકો છે. સકલસૃષ્ટિની એ પરમમાતા છે. સૌના માટે પૂ. શ્રી માના હૃદયમાં એકધારી કરુણા વહ્યા જ કરે છે. સૌ જીવોપર તેની છત્રછાંયા અખંડ છે. આ મજૂરો પણ

તેમનાં જ બાળકો છે. એટલે પૂ. શ્રી માએ તુરત જ મજૂરો માટે નિયમિત નાસ્તો આપવાનું શરૂ કરાવ્યું. વળી પૂ. શ્રી મા હવે 'સત્યપથ' પધારવાનાં હોવાથી પાછળથી મજૂરોને પૂરતા પ્રમાણમાં અને નિયમિત પૌષ્ટિક નાસ્તો મળતો રહે તે માટે તાત્કાલિક પ્રબંધ કરાવ્યો. કામ ચાલે ત્યાંસુધી કાયમી ભંડોળની વ્યવસ્થા કરી અને બીજા દિવસથી ખજૂર તથા મગફળીનો પૌષ્ટિક નાસ્તો આપવાની વ્યવસ્થા થઇ ગઇ. શ્રી શાંતિભાઇ તરફથી ખજરની વ્યવસ્થા પણ થઇ ગઇ !

કરુણામયી માતાની છત્રછાંયા પામીને સૌ જીવો પરમતૃપ્તિ અનુભવી રહ્યા છે.

પૂ. શ્રી માએ જ્યાંસુધી સ્વર્ગારોહણમાં લીલાવિહાર કર્યો ત્યાંસુધી હાજર રહેલાં સૌ બાળકો પૂ. શ્રી માની કૃપાદૃષ્ટિ પામતા રહ્યા. કોઇની પ્રાર્થના સંભળાઇ તો કોઇના શુભસંકલ્પો ફળ્યા, કોઇના મનોરથો સફળ થયા તો કોઇ આશીર્વાદ પામીને ધન્ય બન્યા, કોઇને પૂ. શ્રી માની પરમ આજ્ઞા પામવાનું સૌભાગ્ય મળ્યું, તો કોઇએ માતૃદર્શનની પરમતૃપ્તિ અનુભવી.

એ દિવસો દરમ્યાન બાળકો પ્રગટ પરમપુરુષ પૂ. શ્રી માના પ્રગટ સાન્નિધ્યનો અલૌકિક લ્હાવો લૂંટતા રહ્યા. પૂ. શ્રી માના પરમ દર્શનમાં ઈશદર્શનની પરમતૃપ્તિ અનુભવી રહ્યા. સાધનાના અંતે જે જીવનધ્યેયને પામવાનું છે તે માતૃદર્શન તો સામે જ હતું. જેમના ભાગ્યમાં હતું તે પામીને ધન્ય બની ગયા. દર્શનના સત્સંગનો તો એ ઉત્સવ જ હતો, આ માતૃદર્શન જ મુક્તિનું મંગલધામ છે તો પછી પ્રમાદ શા માટે?

ભજમન માતૃચરન સુખદાયી.



# કૃપા

યોગેશ્વરજી

આ પદ, એકવાર વડોદરાથી અમદાવાદ આવતાં માર્ગમાં લખાયું.

જે નિર્ણય થયો તેમાં પ્રભુના પૂર્ણ આશીર્વાદ હતા તેથી તે પ્રમાણે પ્રયાણ શરૂ થયું.

છતાં માર્ગમાં વિઘ્નો ઊભાં થયાં. પ્રભુ ! શા માટે તેં આવું કર્યું? એવો પ્રશ્ન સ્વાભાવિક ઊઠે છે. વળી, થાય છે કે વિઘ્નો કસોટીરૂપે આવે છે એમ માની લો.

વિઘ્નોની વચ્ચે પણ મન સ્થિર જ રહ્યું. પ્રભુની છત્રછાયામાં સલામત છીએ એવી શ્રદ્ધા ટકી રહી. પ્રભુ ! એ તારી પરમકૃપા.

ભવિષ્યમાં પણ એવાં વિઘ્નોનાં વાદળાંઓ જીવનને ઘેરી વળે ત્યારે પણ અંતરમાં શ્રદ્ધાને સ્થિર રાખજે. કોઇ પણ પ્રકારના સંકટથી અમે ભાંગી ન પડીએ અને તારી કૃપાથી પ્રભુપંથના પૂર્ણપ્રકાશને પામી શકીએ એવા સતત આશીર્વાદ વરસાવ્યા કરજે. એવી કૃપાની માંગણી આ પદમાં થઇ છે.

કૃપા કરોને ગુરુ અમારા,
આવ્યાં અમે સૌ શરણ તમારા.

ચિત્તને જોડી ચિંતન કીધું,
સૂક્ષ્મ સ્વરૂપે સૂચન દીધું;

આશિષ માની કર્યું પ્રયાણ,
લગાડી દીધું પ્રવાસે ધ્યાન. કૃપા કરોને૦

છતાં થયું શું રસ્તામાં આવું?
વિઘ્નનું વાદળ વચ્ચે જ આવ્યું;
તોયે ડગી ના શ્રદ્ધા અમારી,
છાયા તમારી મળી છે ન્યારી. કૃપા કરોને૦

વિઘ્નોનાં વાદળ જીવનમાં આવે,
ત્યારે અશ્રદ્ધા જોજો ના ફાવે;
સંકટ ના અમને કોઇ સતાવે,
કૃપા તમારી પંથ બતાવે. કૃપા કરોને૦

— યોગેશ્વરજી

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમ જ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭
ફોન : ૩૨૨૮૨૩૧



# અમેરીકન છોકરી

યોગેશ્વરજી

ભક્ત કવિ નિષ્કુળાનંદે કહ્યું છે કે 'ત્યાગ ન ટકે રે વૈરાગ વિના' એ વાત સાચી છે. એમના જ શબ્દોમાં કહીએ તો 'વેશ લીધો વૈરાગનો, દેશ રહી ગયો દૂર જી, ઉપર વેશ અચ્છો બન્યો, માંહે મોહ ભરપૂર જી.' એવી દશા મોટા ભાગના વૈરાગી, ત્યાગી કે સંન્યાસીઓની હોય છે, બીજા સાધકોના સંબંધમાં પણ સામાન્ય રીતે એવું જ બનતું હોય છે.

એને લીધે એમના જીવનની સાર્થકતા નથી થઇ શકતી. ત્યાગ, સંન્યાસ અથવા તો એકાંતિક જીવન આકર્ષક છે, પરંતુ એની પાછળ વૈરાગ્યનું પર્યાપ્ત પીઠબળ હોવું જોઇએ. તો જ તે ફળી શકે. વૈરાગ્યના પીઠબળ પૂરતા પીઠબળ વિનાના પુરુષોએ ત્યાગ કે સંન્યાસને માટે ઉતાવળ કરવાની જરૂર નથી. એવી ખોટી ઉતાવળ કરવાને બદલે જરૂરી યોગ્યતા તૈયાર કરવાના મહત્ત્વના કામમાં તેમણે લાગી જવાની જરૂર છે.

એવી જ એક અધકચરી યોગ્યતાવાળા જિજ્ઞાસુ અમેરીકન ભાઇ ત્રણેક વરસ પહેલાં ઋષિકેશમાં રહેવા આવેલા. એમને મારો પરિચય થવાથી એ મારી પાસે અવારનવાર આવવા માંડયાં. એ અતિશય શ્રીમંત હતા. શોખને લીધે રેશમી ભગવી કફની પહેરતા તથા દાઢી રાખતા, અને તત્ત્વજ્ઞાન તથા યોગની સાધનામાં રસ લેતા.

દેશમાં વિચરણ કરીને એ અનેક જ્ઞાત–અજ્ઞાત સંતપુરુષોનો સમાગમ કરી ચૂક્યા હતા.

એક દિવસ રાતે તેમણે મને પ્રશ્ન કર્યો : 'ભારતમાં કોઇ ઊંચી કોટિના શક્તિસંપન્ન મહાત્મા છે કે નહિ?'

મેં કહ્યું, 'કેમ નથી? જેના દિલમાં એવા મહાત્માઓને મળવાની લગન હોય છે તેને એવા મહાત્માઓ પણ મળી રહે છે.'

થોડી વાર સુધી શાંત રહીને એ ફરી બોલ્યા, 'મારો વિચાર કોઇ યગ્ય ગુરુ પાસેથી સંન્યાસ લેવાનો છે. હું ભગવી કફની પહેરું છું. પણ મેં હજી વિધિપૂર્વક સંન્યાસ નથી લીધો.' મેં કહ્યું, 'સંન્યાસ કોઇ લેવાની વસ્તુ નથી. એ કાંઇ કોઇને આપી નથી શકાતો. એ તો અંતરમાંથી આપોઆપ જ ઊગી નીકળે છે. સંન્યાસ કોઇ સોદો કે વ્યાપાર નથી પરંતુ જીવનવિકાસની અંતરંગ અવસ્થા છે. છતાં પણ જો વિધિપૂર્વક સંન્યાસ લેવાની ઈચ્છા હોય તો તમારે એવો સંન્યાસ ના લેવો એવી મારી સલાહ છે!'

'કારણ?'

'કારણ કે તમારા હૃદયમાં તે માટેનો જરૂરી વૈરાગ નથી.'

'મારા હૃદયમાં ઊંડો વૈરાગ્ય છે.'

'બિલકુલ નહિ. તમારા હૃદયમાં શું છે તે કહી બતાવું? તેમાં એક પચ્ચીસેક વરસની અમેરીકન છોકરી છે. તમને તેના પર પ્રેમ છે છતાં તમે તેને છોડીને આવ્યા છો. એ છોકરી માંદી પડી છે ને હાલ ન્યૂયોર્કની હોસ્પીટલમાં છે.'

પેલા અમેરીકન ભાઇ ચમક્યા ને પૂછવા લાગ્યા, 'તમે આ બધું કેવી રીતે જાણ્યું?'

'કેવી રીતે જાણ્યું એ પ્રશ્ન અલગ છે. પરંતુ મારી વાત સાચી છે કે નહિ તે કહો.'



'સાચી છે.'

'બસ ત્યારે.'

બીજે દિવસ તે ભાઇ એક નાનું સરખું આલ્બમ લઇ આવી પહોંચ્યા.

તેમાં ન્યૂયોર્કની પેલી અમેરીકન છોકરીના ફોટા હતા.

એક ફોટામાં તે બહેને સરસ શીર્ષાસન કરેલું, બીજામાં હલાસન, ત્રીજામાં પદ્માસન અને ચોથામાં પશ્ચિમોત્તાનાસન કરેલું, થોડા બીજા સામાન્ય ફોટાઓ પણ હતા.

મેં કહ્યું, 'આટલી બધી સારી કે સંસ્કારી છોકરી છે છતાં તેને મૂકીને અહીં આવતા રહ્યા છો ને હવે સંન્યાસ લેવાની ઈચ્છા રાખો છો? ન્યૂયોર્ક જઇને એને અપનાવો ને શાંતિ આપો. જ્યાંસુધી એ છોકરી માટેની લાલસા કે વાસના તમારા દિલમાં ભરેલી છે ત્યાંસુધી બહારનો સંન્યાસ લેશો તોપણ તે સફળ નહિ થાય. તમારા ત્યાગને તમે શોભાવી નહિ શકો.'

એમણે કહ્યું, 'મારે સંન્યાસ નથી લેવો પરંતુ આશીર્વાદ લેવા છે. તે છોકરી વહેલીતકે સારી થઇ જાય એવો આશીર્વાદ આપો.'

'ઈશ્વર તેને સારી કરી દેશે. પહેલા અંદરનો ત્યાગ તૈયાર કરો. અંદરનો ત્યાગ એટલે કામના કે વાસનાઓનો ત્યાગ–પછી બહારનો ત્યાગ તો આપોઆપ આવી જશે.'

એમના મનનું સમાધાન થયું.

# માંડૂક્ય ઉપનિષદ્ (૬)

યોગેશ્વરજી

## (૭) આત્માનું જ્ઞાન

અલબત્ત, જ્ઞાન અનેક જાતનું છે ને જાણવાની વસ્તુઓ પણ સંસારમાં અનેક છે. પરંતુ જેનાથી જીવનની સમસ્યાનો ઉકેલ થાય, જીવ ને જગતનો સંબંધ સ્પષ્ટ થાય, સંસારની પાછળ રહેલી ગૂઢ શક્તિનો સાક્ષાત્કાર થાય, શરીરમાં રહેલી ચેતનાનો તેની સાથેના સંબંધનું ભાન થાય, ને પરિણામે જીવન શાંતિમય ને ધન્ય બની જાય, એવું જ્ઞાન એક જ છે ને તે આત્માનું જ્ઞાન. તેને જ બીજી ભાષામાં સ્વરૂપનું જ્ઞાન કહેવામાં આવે છે. જ્ઞાન એટલે જુદાં જુદાં વિષયની માહિતી એકઠી કરીને જીવતા પુસ્તકાલય બની જવું એમ નહિ, પરંતુ પોતાની જાતને જાણવી કે ઓળખવી. તે જ જ્ઞાન ખપનું છે, ને તેની જ પ્રાપ્તિ બનતા બધા જ પ્રયત્ને કરવા જેવી છે. ઉપનિષદ્‌ના ઋષિ એ જ વાતની યાદ આપે છે. આદ્યશંકરાચાર્ય એ જ વાતનો ઉલ્લેખ કરતાં તેમના સાહિત્યમાં એક સુંદર વાક્ય લખીને કહે છે કે ઉપનિષદોમાં ઊંડા ચિંતન ને મનન પછી જે પરમ તત્ત્વનો નિર્ણય અથવા અનુભવાત્મક નિશ્ચય કરવામાં આવ્યો છે તે પરમ તત્ત્વ જ જાણવા જેવું છે. તદ્દન સરળ શબ્દોમાં તે કહે છે કે **तज्ज्ञेयं यदुपनिषत्सु निश्चितार्थम्।** મહાન સંત ને ભક્ત કવિ નરસિંહ જેને માટે કહે છે કે–

> પાસે છે પિયુ અલ્યા તેને ના પરખિયો,
> હાથથી બાજી ગઇ, થયો રે ખોટી.



> સમરને શ્રીહરિ, મેલ મમતા પરી,
> જોને વિચારીને મૂળ તારું.

પોતાના મૂળ રૂપ ને સમગ્ર સંસારના મૂળ સ્વરૂપ તે પરમાત્માને જાણવાની જરૂર છે. એનો અર્થ એવો નથી કે આત્મા યા પરમાત્મા વિશેની ચર્ચાવિચારણામાં પ્રવીણ થવું ને તે વિશે સારું બોલતાં ને લખતાં શીખવું. તે બધાનો મોહ મૂકી દઇને ને તેમાંથી વિવેકપૂર્વક ઉપર ઊઠીને માણસે પરમાત્માના પ્રેમી થવાની ને પરમાત્માનો પ્રત્યક્ષ અનુભવ કરવાની જરૂર છે. તે વિના આત્માનું રહસ્ય ન સમજાય ને શાંતિ પણ ન મળે.

## (૮) રસ ને આનંદની સહજતા

આત્માની અનુભૂતિ માટે જે જરૂરી લાગે તે સાધનાનો આધાર લેવો જોઇએ. પણ તેનો અર્થ જીવનને હાથે કરીને નીરસ ને ગંભીર બનાવી દેવું તેવો નથી. કોઇક વાર માણસ એવું માને છે ને જ્ઞાની તરીકે ઓળખાવા માટે બળજબરીથી મૌન ધારણ કરી પોતાના મુખમંડળને હાવભાવ પરથી જીવનમાં કોઇ રસ કે આનંદ ન હોય ને તે કોઇ કડવી દવાનો પ્યાલો હોય એવો દેખાવ રજૂ કરે છે. વિવેકી માણસે તેને આદર્શ માનીને ચાલવાની ને તેનું અનુકરણ કરવાની જરૂર નથી. આત્માના અલૌકિક જ્ઞાનથી ને પરમાત્માની વધારે ને વધારે પાસે પહોંચવાથી જીવન વધારે ને વધારે રસમય બનતું જાય છે, આનંદમય થતું જાય છે, ને માણસના મુખમંડળ ને હાવભાવમાં એક પ્રકારની સહજ પ્રસન્નતાની છાયા ફરી વળે છે. આત્માની અનુભૂતિનો અર્થ જીવન ને જગતને તિરસ્કારવું, તે પ્રત્યે ઉદાસીન થવું ને જડ થઇને બેસી જવું એવો પણ નથી. એ અનુભૂતિ પછી જીવન ધન્ય બની જાય છે, પરમાત્માને પ્રકટ કરવાના ને અનુભવવાના સાધનરૂપ થાય છે, ને

જગત પણ તે જ પરમાત્માના પ્રતીકરૂપ, વધારે સુંદર, રસમય ને મંગલ થાય છે. એટલે જીવનને જડ કરવાની અથવા લાગણી વિનાના પથ્થરનું રૂપ આપવાની એ પદ્ધતિ જ્ઞાનને નામે ચાલતી હોય તોપણ અજ્ઞાનને લીધે પેદા થયેલી માની શકાય માટે છોડી દેવાની જરૂર છે. જ્ઞાન ને વૈરાગ્યને નામે દેશમાં જે શુષ્કતા વધતી જાય છે તેને લીધે લોકોના મુખપર આનંદ કે શાંતિ નથી ને જીવનમાં રસ નથી દેખાતો. જ્ઞાન તો માણસને પરમાત્માનો પરિચય કરાવે છે ને પરમાત્માની વધારે ને વધારે પાસે લાવે છે. તે પરમાત્મા શોકસ્વરૂપ નહિ પણ આનંદસ્વરૂપ છે; પરમશાંતિના પ્રતીક છે; સત્યસ્વરૂપ છે; પ્રેમ ને માધુર્યની મૂર્તિ છે; **रसो वै सः** કહીને વિદ્વાનોએ તેમને રસના પરમ ધામ ને નિધાનરૂપ કહ્યા છે. તેવા પરમાત્માને જાણનારો કે જાણવા માગનારો માણસ સત્ય, જ્ઞાન, શાંતિ, આનંદ, પ્રેમ, મધુરતા, દયા ને ક્ષમા જેવાં ઉત્તમ તત્ત્વોથી રહિત કેવી રીતે હોય? તે તત્ત્વોથી દૂર રહીને તે પરમાત્માને કેવી રીતે મેળવે, ને તેમનાથી દૂર હોય તો તેણે પરમાત્માને મેળવ્યા એમ પણ કેવી રીતે કહેવાય? પરમાત્માને મેળવવા કે અનુભવવા માટે પોતાની પ્રકૃતિમાં જરૂરી પરિવર્તન કરીને સમસ્ત જીવનને પ્રભુમય કરવાની જરૂર છે. પરમાત્માને જાણ્યા પછી પણ, જીવનની ધન્યતા માટે પ્રકૃતિના તેવા રૂપાંતરની જરૂર છે. જીવનને અલૌકિક કરનારા એવા જ્ઞાન ને એવા આત્માનુભવની જ આપણને જરૂર છે, તે જ આપણે માટે આશીર્વાદરૂપ થશે. કેવળ વાણી ને મસ્તકમાં રહેવાને બદલે તે આપણી પ્રત્યેક શિરામાં ફરી વળશે. રક્તના કણેકણમાં રણકી ઊઠશે, ને શ્વાસોશ્વાસ સાથે એક બનશે.

પરંતુ માણસો હજી આ વાત નથી સમજતા. અમે હિમાલયના ગંગોત્રી ધામમાં એક જ્ઞાનીના દર્શને ગયેલા. તે મોટે ભાગે



મૌન રાખતા. વાતચીતમાં હસવું પડે તોપણ તે બળજબરીથી હોઠ બંધ કરી રાખતા. તેમાં જ્ઞાન ને વૈરાગ્યની સીમા છે એમ તે સમજતા, ને અમને પણ એવું જ કરવાનું કહેતા. એવા વિચાર ઘણા માણસોના મનમાં ઘર કરી બેઠા હોય છે. તેમને તંદુરસ્ત કે આદર્શ ન કહી શકાય. ગમે તે જાતની સાત્ત્વિક સાધના છેવટે તો પરમ શાંતિ ને પરમાનંદની પ્રાપ્તિ માટે જ છે. 'કહત કબીર આનંદ ભયો હૈ બાત અનહદ ઢોલ' એ શબ્દોમાં કબીરે સાધનાને પરિણામે પ્રકટનારા આનંદનો ઉલ્લેખ કર્યો છે. ભક્તિમાર્ગના આચાર્યોએ પણ તે રસ ને આનંદનો સ્વીકાર કર્યો છે, જ્ઞાનમાર્ગમાં પણ એ ઉત્તમ કોટિના સાત્ત્વિક ને અલૌકિક આનંદની વાત નથી આવતી એમ નહિ. આત્માનંદના સુંદર શબ્દમાં એનો જ ઉલ્લેખ ને સમાવેશ કરવામાં આવ્યો છે. પણ વિવેકનો બરાબર ઉપયોગ ન કરવાને લીધે લોકો તે વાતને વીસરી ગયા છે.

આનંદ ને પરમાનંદની પ્રાપ્તિનો અર્થ એવો નથી કે જ્ઞાની અથવા પરમાત્માને પહોંચેલો પુરુષ હંમેશાં જોરથી ખડખડાટ હસતો જ રહે છે. જાણે નશામાં હોય કે કાંઈક પીધું હોય ને હસ્યા કરે ને બક્યા કરે તેવી તેની દશા હોય છે એમ પણ નથી, માનવાનું. ને એથી આગળ વધી, ઉત્તમ પ્રકારના જ્ઞાનીમાં ખપવા તેના વ્યવહારનું આંધળું અનુકરણ પણ નથી કરવાનું. તેવા વિવેક વગરના વ્યવહારથી ઉત્તમ ભૂમિકાએ પહોંચ્યાનું પ્રમાણપત્ર આપવા ઉતાવળા નથી થવાનું. અલબત્ત, વ્યક્તિગત રીતે કોઈ વાર મુક્ત હાસ્ય ને બકવાદનાં એવાં ચિહ્નો અનુભવના એકાએક આનંદને લીધે જ્ઞાનીના જીવનમાં પ્રકટ થાય છે ખરાં, પરંતુ તે સ્થાયી નથી, ને સ્થાયી ગણાવાં પણ ન જોએ. તેવાં ચિહ્નો કોઈ વાર, કોઈ વિરલ પુરુષના જીવનમાં, કામચલાઉ પ્રકટ થાય છે ને

વિલીન પણ થઇ જાય છે. તેમને આત્માનુભવ સાથે ખાસ સંબંધ નથી. તેથી તેમને બળજબરીથી પકડી રાખવાની, તેમના મોહમાં પડવાની ને તેમની નકલ કરવાની ઘેલછામાંથી વિવેકી પુરુષે સદા મુક્ત રહેવું જોઇએ ને ગાંડા કે ચિત્તભ્રમના દર્દીમાં ખપતાં બચવું જોઇએ. સહજ અનુભવના ભારે આનંદના પરિણામરૂપે એવી નશા જેવી દશા આવે છે તોપણ પાછી શાંત થઇ જાય છે. તે શાંત દશા જ સાચી ને સર્વોત્તમ દશા છે જ્યારે માણસ તટસ્થ રીતે આત્માનુભવમાં લીન રહે છે, ને સ્વભાવનાં ઉત્તુંગ તરંગ તેના પર શાસન નથી ચલાવતાં. તે દશામાં પરમાનંદના પરમાણુ, જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં ને સ્વભાવના હરેક પાસામાં મળી જાય છે, ભળી જાય છે, કે એકાકાર થઇ જાય છે. તેવા પુરુષનું દર્શન જ અનંત આનંદનું કારણ થઇ પડે છે.

તેવા પુરુષનું દર્શન કદી કર્યું છે ખરું? ગીતામાં જેને સ્થિતપ્રજ્ઞ કે ગુણાતીતનું નામ આપ્યું છે તેવા પરમાત્મદર્શી પુરુષના પરિચય ને સમાગમમાં આવવાનું સૌભાગ્ય કદી સાંપડયું છે ખરું? તે પરમશાંતિની મૂર્તિ હોય છે ને તેનું દર્શન તથા સાન્નિધ્ય અનંત આનંદ, અપરંપાર પ્રેરણા તથા અસીમ શાંતિનું કારણ થઇ પડે છે. પોતાની જ અપાત્રતા ને પૂર્વગ્રહને લીધે તેવા પુરુષની મહત્તા ન સમજાય ને કોઇ વાર ગેરસમજને લીધે તે ઉપહાસને પાત્ર થાય, પરંતુ તેથી તેની મહત્તા લેશ પણ ઓછી થતી નથી. રાગદ્વેષ, વિલાસ ને ભેદભાવથી ભરેલા આ જગતમાં તેવા મહાપુરુષનું દર્શન ખરેખર દુર્લભ છે. પણ થાય છે ત્યારે મોક્ષ આશીર્વાદરૂપ થઇ પડે છે એમાં શંકા નથી. જીવનને ઉજ્જ્વળ કરવામાં તે અનેરો ભાગ ભજવે છે.



# શ્રીરામકૃષ્ણદેવના ભક્તિસૂત્રો–૩

સંકલન : યશસ્વીભાઇ મહેતા

(અનુસંધાન એપ્રિલ–૨૦૦૨ ના અંકના પાના ૧૫ થી શરૂ)

(૮) જ્યાંસુધી ભગવાનમાં પ્રેમ નથી થતો, ત્યાંસુધી ભક્તિ કાચી છે એમના પર પ્રેમ થઇ જતાં ભક્તિ પાકી થયેલી કહેવાય છે. જેની ભક્તિ કાચી છે તે ઈશ્વરની વાતો અને ઉપદેશોની ધારણા કરી શકતા નથી, ભક્તિ પાકી થયા પછી જ ધારણા થઇ શકે છે.

(૯) એમની (પ્રભુની) કૃપા થઇ જાય તો તેઓ જ્ઞાન પણ આપે અને રૂપિયા–પૈસા પણ આપે. પરંતુ આને મલિન ભક્તિ કહેવાય છે. શુદ્ધ ભક્તિ એ છે, જેમાં કોઇ કામના નથી રહેતી.

(૧૦) એકાંગી ભક્તિનો અર્થ છે ફક્ત એક (પ્રભુ) જ અને તેમના પ્રત્યે જ પ્રેમ. જેવી રીતે પાણી બતકને શોધવા નથી જતું, પણ બતક જ પાણીને પ્રેમ કરે છે. તે પછી સાધારણી સમંજસા, સમર્થ પ્રીતિ. સાધારણ પ્રીતિ પોતાનું જ સુખ ચાહે છે. તમે ભલે સુખી હો કે ન હો, જેવો ચંદ્રાવલીનો ભાવ હતો. સમંજસા પ્રીતિમાં મને પણ સુખ હો અને તમને પણ સુખ હો. આ ઘણી સારી વાત છે, પરંતુ 'સર્મથા' એ તો શ્રેષ્ઠ અવસ્થા છે, જેવો કે રાધાનો ભાવ હતો. તેઓ કૃષ્ણના સુખમાં જ પોતાનું સુખ માને છે. તમે સુખમાં રહો, એમ કરવામાં ભલે મારું ગમે તે થાય.

(૧૧) એક ઉર્જિતા નામની પણ ભક્તિ છે, જાણે ભક્તિ ઊભરાઇ રહી છે. એ ભાવમાં હસવું–રોવું, નાચવું, ગાવું જેવું કે ચૈતન્ય મહાપ્રભુના જીવનમાં. રામે લક્ષ્મણને કહ્યું, "હે ભાઇ, જ્યાં ઉર્જિતા ભક્તિ જુઓ, ત્યાં સમજવું કે હું પ્રત્યક્ષરૂપે હાજર છું.

(૭) ભક્તોનાં લક્ષણ અને આચરણ

(૧) ભક્ત કોને કહેવાય? જે એનામાં જ (પ્રભુમાં જ) રહે. જેમના મન–પ્રાણ અંતરાત્મા બધું જ એમનામાં એકાકાર થઇ ગયું છે.

(૨) ભક્તિ જ સાર. ભગવાન તો બધાં પ્રાણીઓમાં છે જ. તો પછી ભક્ત કોને કહું?–જેનું મન સદૈવ ભગવાનમાં જ રહે છે.

(૩) ભક્તો ત્રણ પ્રકારના છે. અધમ, મધ્યમ અને ઉત્તમ. અધમ ભક્ત કહે છે, 'ઈશ્વર ત્યાં દૂર છે. સૃષ્ટિ જુદી છે, ભગવાન જુદાં છે.

મધ્યમ ભક્ત કહે છે, "તેઓ અંતર્યામી છે તેઓ હૃદયમાં રહેલા છે. તેઓ હૃદયમાં પ્રભુને જુએ છે.

ઉત્તમ ભક્ત જુએ છે કે આ બધું જે કાંઇ છે તે બધું ભગવાન જ છે. ચોવીસે તત્ત્વો તેઓ જ બનેલા છે. ઈશ્વર જ નીચે–ઉપર બધું ઈશ્વરથી વ્યાપ્ત છે.

(૪) અધમ ભક્ત કહે છે ભગવાન ખૂબ દૂર આકાશમાં રહેલા છે. મધ્યમ ભક્ત કહે છે ઈશ્વર બધા પ્રાણીઓમાં ચેતનરૂપે રહેલા છે. તો ઉત્તમ ભક્ત કહે છે અરે, આ બધું ભગવાન પોતે જ થઇને રહેલા છે જે કાંઇ હું જોઇ રહ્યો છું, તે બધાં એના જ વિવિધ સ્વરૂપો છે. તેઓ જ માયા, જીવ, જગત વગેરે બધું જ બનેલા છે. એમના સિવાય બીજું કંઇ છે જ નહિ.

(૫) ઉત્તમ ભક્ત કોણ કહેવાય? જે બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ પછી ઈશ્વર જ પોતે જીવ, જગત અને ચોવીસ તત્ત્વો બનેલા છે.



(૬) જેમણે ઈશ્વરદર્શન કર્યું છે અને જુએ છે કે તેઓ જ જીવ અને જગત બનેલા છે. બધું તેઓ જ છે. તેઓ જ ઉત્તમ ભક્ત છે.

(૭) એક બીજા છે–ત્રિગુણાતીત ભક્ત. એમનો સ્વભાવ બાળક જેવો. તેઓ માને છે કે તેનું નામ લેવું એ જ તેની પૂજા. તેઓ ફક્ત તેનું નામ જ નિરંતર જપ્યા કરે છે.

(૮) ગુણાતીત ભક્તિ પ્રાપ્ત થતાં તેને બધું ચિન્મય દેખાય છે. શ્યામ ચિન્મય, ધામ ચિન્મય, અને ભક્ત પણ ચિન્મય. બધું જ ચિન્મય. આવી ભક્તિ બહુ જ ઓછા લોકોને પ્રાપ્ત થાય છે.

(૯) ભક્તલોકોને ભક્તિ જોઇએ છે–અહેતુકી ભક્તિ. તેઓને ધર્મ, અર્થ કે કામની પૂર્તિ નથી જોઇતાં.

(૧૦) જેમણે પ્રભુને પ્રાપ્ત કરી લીધા છે, તેઓ જાણે છે કે પોતાની ઇચ્છા જેવું કંઇ જ નથી. વાસ્તવિક રીતે ઈશ્વર યંત્રી છે ને પોતે હું કેવળ યંત્ર છું. તેઓ ગાડીના ચાલક છે અને હું પોતે ગાડી.

(૧૧) પ્રેમીભક્ત એને લઇને જુદી જુદી રીતે વ્યવહાર કરે છે. કદીક તે વિચારે છે. ઈશ્વર કમળ છે ને તે ભ્રમર છે કદીક ઈશ્વર સચ્ચિનંદનો સાગર છે અને પોતે તેમાંનું માછલું. તો કદીક વિચારે છે તે તો ભગવાનની નર્તકી છે.

(૧૨) જે ભગવાનનો ભક્ત છે તેની બુદ્ધિ સ્થિર (અચલ) હોય છે જેવી કે લુહારની એરણ. તેના ઉપર સતત હથોડાના ઘા પડતા રહે છે, તોપણ તે તેનાથી ચલિત થતી નથી. જો તમે પણ ભગવાનને હૃદયપૂર્વક ચાહતા હો તો તમારે બધું સહન કરવું પડશે.

(૧૩) ભક્ત બે પ્રકારના હોય છે એક એવો ભક્ત જે બિલાડીના બચ્ચા જેવો હોય છે. બધો જ આધાર મા ઉપર. તેની ઇચ્છા પડે તેમ કરે. ભક્તનો એક બીજો પણ પ્રકાર તેનો સ્વભાવ વાંદરીના બચ્ચા જેવો. વાંદરીનું બચ્ચું ગમે તે રીતે પોતાની માને વળગીને રહે છે. આ બંને ભક્ત તો ખરા.

(૧૪) સત્ત્વગુણને લીધે ભક્તિ થાય છે પરંતુ ભક્તિમાં સત્ત્વ, રજસ્ અને તમસ્ પણ હોય છે સત્ત્વભક્તિમાં સાત્ત્વિકભાવ એકદમ શુદ્ધ હોય છે એને લીધે ભગવાનને છોડી બીજા કશામાં મન લાગતું નથી. ફક્ત શરીરની રક્ષા થતી રહે ફક્ત એટલા પૂરતું જ શરીર પ્રત્યે ધ્યાન રહે છે.

(૧૫) જાતિ–ભેદ એક ઉપાયથી નષ્ટ થઇ શકે છે. તે ઉપાય છે ભક્તિ. ભક્તને કોઇ નાત–જાત નથી હોતાં. ભક્તિ થવાથી જ દેહ, મન, આત્મા બધાં જ શુદ્ધ થઇ જાય છે. જો ભક્તિ ન હોય તો બ્રાહ્મણ બ્રાહ્મણ નથી. પણ ભક્તિ થવાથી ચાંડાલ ચાંડાલ નથી રહેતો. અસ્પૃશ્ય જાતિ પણ ભક્તિ થવાથી શુદ્ધ અને પવિત્ર બની જાય છે.

(૧૬) સાચો ભક્ત કહે છે, “હે પ્રભુ, તમે જ કર્તા છો તમે જ બધું કરી રહ્યા છો. હું તો માત્ર સાધન છું. મારી પાસે આપ જેવું કરાવો છો, તેવું હું કરું છું.

(૧૭) જો ઈશ્વરપ્રાપ્તિની અનુભૂતિ પછી ‘હું દાસ’, અગર ‘હું ભક્ત’ એવો ભાવ રહી જાય, તો તેવી વ્યક્તિ કદી કોઇનું ખરાબ કરી શકતી નથઈ.

(૧૮) ભક્ત વિદ્યા–માયાનું શરણું લે છે, તેથી તે સાધુઓની સોબત, તીર્થયાત્રા, જ્ઞાન, વૈરાગ્ય વગેરેનો આશ્રય લઇ રહે છે.



(૧૯) સાચા ભક્તનાં કેટલાંક લક્ષણો આવાં છે. ગુરુનો ઉપદેશ સાંભળીને તે સ્થિર થઇ જાય છે. બીજું લક્ષણ છે સાચા ભક્તમાં ધારણાશક્તિ હોય છે. ખાલી ફિલ્મ ઉપર ફોટો થોડો પાડી શકાય છે? પરંતુ રસાયણયુક્ત ફિલ્મપર ફોટો આવી જાય છે. તે જ રીતે, ભક્તિ એ રસાયણવાળું દ્રવ્ય છે (જેનાથી ધારણા શક્તિ ભક્તિમાં આવે છે. સાચા ભક્તનું બીજું પણ એક લક્ષણ છે–તે જીતેન્દ્રિય હોય છે. કામવાસના તેણે જીતી લીધી હોય છે. જેવી રીતે ગોપીઓમાં કામવાસનાનો પ્રવેશ જ થતો ન હતો.

(૨૦) ભક્તે ખાંડ થવાનું નથી. તે ખાંડ ખાવાની ઇચ્છા રાખે છે.

(૨૧) ભક્તો મુક્તિ ચાહતા નથી.

(૨૨) ભક્તનો ભાવ કેવો છે જાણો છો? તે કહે છે, હે ભગવાન, હું તમારો દાસ છું. તમે મારા પ્રભુ છો, તમે મારા માતાપિતા છો, હું તમારું સંતાન છું. પ્રભુ, તમે પૂર્ણ છો, હું આપનો અંશ છું. ભક્ત કદી એમ કહેવા ઇચ્છતો નથી કે હું બ્રહ્મ છું.

(ક્રમશઃ)

○

# જીવનની કૃતાર્થતા

યોગેશ્વરજી

જેમાં જરાપણ રસ નથી સુખ નથી ને કલ્યાણ નથી, તેમાં કલ્યાણ માનીને માણસો મરી રહ્યા છે : રાતદિન ભમી રહ્યા છે, ને પરિણામે આંસુ સારીને જલી રહ્યા છે.

તું એમનું અનુકરણ ના કરતો, પ્યારા પ્રવાસી ! તું તો સત્ય, દયા ને તપનો જ આધાર લે, તારી જાતનો સંયમ કરવામાં ને ચરાચરમાં તે પ્રિયતમનું દર્શન કરવામાં રસ લે, બીજી બધીયે ભ્રાંતિ છોડી દઇને તેના શરણનો સ્વાદ લે. તારું જીવન જરૂર કૃતાર્થ થઇ જશે,—ઉજ્જ્વળ ને અનેરું બનશે.

('વિરહની વેદના'માંથી)

અંબાજીમાં ક્યાં ઉતરશો?

"સ્વર્ગારોહણ"

માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫૧૧૦

એસ. ટી. ડી. ૦૨૭૪૯ / ટે. નં. ૬૨૨૬૯



# ભારતમાં વિદેશી સ્ત્રી સાધ્વી સંત

એન. કે. વૈષ્ણવ

ભારતીય સંસ્કૃતિના મૂળમાં જ નારી સન્માન અને નારીની પૂજનીયતાના પાયા નંખાયેલા છે. વિદેશોમાં જ્યારે નારી સ્વ-તંત્રતાને અધોગતિ સર્જવામાં મોટો ફાળો આપનારું તત્ત્વ ગણવામાં આવે છે ત્યારે આપણે ત્યાં સમાજને સાચા માર્ગે લઇ જવામાં સ્ત્રીવર્ગનો હંમેશા મોટો હિસ્સો ગણાયો છે.

આપણે ત્યાં સામાન્યપણે સ્ત્રી ઘર સંભાળે અને બહારનો વ્યવહાર પુરુષ સંભાળે તેવું માનવામાં આવતું હતું. હવે થોડી જાગૃતિ આવવા લાગી છે તેથી વ્યવસાય, નોકરી, શાસન વગેરેમાં પણ સ્ત્રીવર્ગ ઉત્સાહ અને માન સાથે જોડાતો થયો છે.

મેં સૌરાષ્ટ્રના કેટલાક શહેરો—ગામડાઓમાં જઇ ધર્મસ્થાનકો-નો અભ્યાસ કરવા પ્રવાસ કરેલો.

આ પ્રવાસ દરમ્યાન પોરબંદરથી દક્ષિણ તરફ આવેલા માધવપુર (ઘેડ) જે માધવરામજી અને રૂક્ષ્મણીજીના લગ્ન માટેનું સ્થળ ગણાય છે તે ગામ પાસે જ આવેલું એક "મોચા"નામનું ગામ છે. આ ગામે એક હનુમાનજીનું મંદિર આવેલું છે. તેની મેં મુલાકાત લીધી.

આ મંદિરના મહંતપદે હાલમાં એક વિદેશી મહિલા બિરાજ-માન છે. અનેક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેતાં આ મહિલાને હવે અહીંના લોકો માતાજી તરીકે સંબોધે છે. તેઓને તેમની વ્યસ્તતાને

કારણે આખો દિવસ મળી શકાયું નહીં. તેમણે રાત્રે આરતી અને ભોજનકાર્ય પૂર્ણ થાય પછી મને મુલાકાત આપવાનું કહ્યું એટલે હું ત્યાં રાત રોકાઈ ગયો.

દિવસ દરમ્યાન અત્રે જોવા મળેલ દૃશ્યો ખૂબ પ્રેરણાદાયી લાગ્યાં.

લગભગ ત્રણેક એકર જમીનમાં પથરાયેલ આ ધર્મસ્થાનક તેની આયોજન પ્રણાલિ જોઈને ધન્યતા પ્રસરાવે છે.

મંદિરનું પ્રવેશદ્વાર દક્ષિણાભિમુખ છે. તેની કમાન કલાત્મક અને સપ્રમાણ ઊંચાઈ ધરાવે છે.

પ્રવેશદ્વારથી અંદર દાખલ થતાં જ ડાબા હાથ તરફ શંકર ભગવાનનું નાનું મંદિર આવેલું છે. આગળ મોટું ખુલ્લુ મેદાન છે. આ મેદાનના પૂર્વભાગે હનુમાનજીનું મધ્યમ કક્ષાનું ઊંચા પડથાર-વાળું પાકું શિખરબંધ મંદિર આવેલું છે.

આ મંદિરની પાછળના ઉત્તર અને પૂર્વ ભાગ તરફ સુંદર બગીચો વિકસાવેલો છે. જેમાં નાળિયેરી, કેળ તથા અનેક શોભા-ના ઝાડ અને ફૂલો આપનારા છોડ વાવેલા છે.

બગીચામાં બાલઉદ્યાન એટલે કે બાલક્રીડાંગણ પણ તૈયાર કરાયું છે. પ્રવેશદ્વારમાં દાખલ થતાં જમણી બાજુ અહીંના મહિલા મહંતશ્રીનું નિવાસસ્થાન અને ગુરુ ગાદી અને ધુણો આવેલ છે. આ નિવાસસ્થાનમાં રાજપૂતી ઠાઠની આકર્ષક વાસણોની અભેરાઈ તથા કબાટો ગોઠવેલાં છે. આ આવાસની બહાર ખુલ્લા-માં કેટલાક આકર્ષક કલાકૃતિસમા પટારાઓ પણ ગોઠવેલા છે.

આ નિવાસસ્થાનને અડીને જ જમણી બાજુ રસોડું અને



ભોજન કરવાનો ભાગ આવેલ છે. એકી સાથે અહીં ૨૦૦ થી ૨૫૦ વ્યક્તિઓ ભોજન લઈ શકે તેટલી ક્ષમતાવાળો ભોજનકક્ષ પણ બનેલો છે.

હનુમાન મંદિરના પાછળના ભાગે ઉત્તર દિશામાં બગીચા પછી સાધુ–સંતો રહી શકે તેવા ખુલ્લા અને ગૃહસ્થીઓ ઉતરી શકે તેવા બંધ ઓરડાઓ પણ બનાવવામાં આવ્યા છે. અહીં એક વિશાળ ખંડ બનાવ્યો છે, જે ખુલ્લો છે. તેનો ઉપયોગ સાધુઓ સત્સંગ માટે કરે છે. સૂવા–બેસવા માટે પણ ઉપયોગમાં લેવાય છે.

મંદિરની ઉત્તરની હદના છેવાડે એક કૂવો છે જેના પર ઈલેક્ટ્રીક મોટર અને ઓઈલ એન્જીન બંનેની સગવડ રાખી છે જેથી લાઈટ ન હોય ત્યારે પાણીની મુશ્કેલી ન પડે. પાણીના સંગ્રહ માટેની અહીં એક ઊંચી ટાંકી તથા ટાંકી પાસે જ નાવા–ધોવાના બાથરૂમ પણ બનાવેલા છે. પાણીની ટાંકીદ્વારા બગીચામાં, રસોડામાં તથા દરવાજા બહાર પાણીના સ્ટેન્ડ બનાવી પાણી અપાય છે. દરવાજા બહારના સ્ટેન્ડેથી ગામના લોકો અને મુસા-ફરો જતા–આવતાં પાણીનો ઉપયોગ કરે છે. પશુઓ માટે અવેડો બનાવેલ છે.

મંદિરના સંકુલના ઈશાન ખૂણે એક નાનકડું સતિ મંદિર દેરી સ્વરૂપનું બનાવેલું છે. આ દેરીમાં બિરાજમાન માતાજીની સુંદર મૂર્તિને સદાય વિવિધરંગી વસ્ત્રોથી શોભાયમાન રખાય છે.

આ માતાજીના સ્થાનક વિશે રાત્રે મહંતશ્રી સાથે થયેલી વાતચીતદ્વારા જાણવા મળેલી કથા પણ રસપ્રદ છે. તે અત્રે ટૂંકમાં દર્શાવી છે.

માધવપુર પાસેના એક ગામની જાન પરણવા બરડા

વિસ્તારના આંતરોડી ગામે ગયેલી. બરડાઇ બ્રાહ્મણની આ જાન પરણીને પોતાને ગામ પાછી ફરતી હતી, ત્યારે આ મોચા ગામે કેટલાક લૂંટારાઓએ રાત્રે લૂંટ ચલાવવી શરૂ કરી. જાન સાથેના વળાવીયા, કેટલાક જાનૈયાઓ આ લૂંટારાઓની સામે થયા. હથિયારધારી લૂંટારાઓ સામે અનેકનાં મૃત્યુ થયાં. જાનના વરરાજા અને કન્યા પાસે લૂંટારાઓ લૂંટ ચલાવવા આવ્યા ત્યારે વરરાજાએ પોતાની તલવારથી તેમનો સામનો કર્યો. વરરાજા પણ આ લડાઇમાં મોતને ભેટયા. લૂંટારાઓ લૂંટનો સામાન લઇ પોતાના ઘોડાઓ સાથે નાસી છૂટયા.

આમ કરતાં સવાર પડવા આવી. વધેલા જાનૈયાઓ તથા કુટુંબીઓ હવે પોતાને ગામ જવા તૈયાર થયા. પરંતુ કન્યાએ સાથે જવાની સ્પષ્ટ ના કહી દીધી. તેણે હવે અહીં જ પતિ પાછળ સતી બનવાની ઘોષણા કરી.

સવાર પડયું. કેટલાક જાનૈયાઓ ગામમાં ગયા. લોકોને કહ્યું; અમને રાત્રે મદદ કરવા ન આવ્યા, પણ હવે ખાડો ખોદવાના સાધનો તો આપો. અમારી કન્યા અહીં જ જીવતાં સમાધિ લઇ લેવાની છે. આમ છતાં ગામમાંથી કોઇએ મદદ ન કરી.

છેવટે જે હાથવગું થયું તેવા સાધનોથી એક ખાડો ખોદ્યો અને તેમની જાનને કંઇ પણ મદદરૂપ નહીં બનનાર ગ્રામજનોને આ કન્યાએ શાપ આપ્યો કે હવે તમારું ગામ છિન્નભિન્ન થઇ જાશે. તમે કોઇ અહીં સુખેથી રહી નહીં શકો. આવો શાપ આપી કન્યાએ અહીં જીવતાં સમાધિ લઇ લીધી.

આ ગામ એક નાનું બંદર પણ હતું. હાલ દરિયો અહીંથી ઘણો દૂર થઇ ગયો છે. હવે ગામ જેવું અહીં દેખાતું નથી. પોતાની



ખેતીની જમીન પાસે જ મકાનો કરી અહીંના લોકો વસવાટ કરે છે. આ બધું આ સતી થનાર કન્યાના શાપને લઇને થયું છે, તેવું આ પંથકના લોકો માને છે.

આ સંકુલમાં બગીચાની અને મહંતશ્રીના નિવાસની વચ્ચે પણ એક ખુલ્લું મેદાન છે. આ મેદાનમાં એક ઊંચો ઓટો બનાવ્યો છે. આ ઓટો એ અહીં આવનારાઓનું સ્વાગતકક્ષ બની રહ્યો છે. આ ઓટાપર સુંદર મજાની ચટાઇઓ પાથરેલી રખાય છે. અહીં આવનારાઓનું ચા–કોફીથી સ્વાગત કરવામાં આવે છે. મને ચા આપવા આવનારને આધુનિક થર્મોસદ્વારા ચા પીરસતા જોઇને ખરેખર આશ્ચર્ય થયું.

બપોરનો સમય થયો રસોડા પાસે કેટલીક બહેનો ચુલાથી રોટલા ઘડી રહી હતી. કેટલીક બહેનો રોટલી બનાવતી હતી. બપોરના ભોજનનો સાદ પડયો. હાજર સાધુ–સંતો અને ગૃહસ્થીજનોને અલગ અલગ વિભાગોમાં બેસાડી થાળી–વાટકા અપાયા. પીરસવાવાળા સ્વયંસેવક પીરસવા લાગ્યા. મહંતશ્રી દત્ત સંપ્રદાયનાં સાધ્વી સ્વરૂપમાં માથે જટા, અંગે ઢાંકવા પુરતા વસ્ત્ર, સફેદ સ્વચ્છ વસ્ત્રથી શોભતાં માતાજી સાધુઓની પંગતમાં જઇ જાતે જ પીરસવા લાગ્યાં. છટા જુઓ તો યુવાનોને પણ શરમાવે તેવી. ચપળતા અને ફક્કડ સાધુઓ પણ તેમનું ઓજસ જોઇ દેહસામે દૃષ્ટિ ન માંડી શકે તેવી તેમની રહેણીકરણી. દત્ત સંપ્રદાયના સાધુ તરીકેનું દેહપર ભસ્મલેપન. બહારથી વિકરાળ જણાતાં માતાજી સાધુ–સંતોને જાણે પોતાના વહાલસોયા પુત્રોને જમાડતાં હોય તેટલા હેતથી જાતે જ આગ્રહ કરીને જમાડી રહ્યાં હતાં.

ત્રીજી પંગત જમી રહ્યા પછી કોઇ બાકી નથી, તેની ખાત્રી

કરીને અહીંની જ રસોઇમાંથી પોતાના પૂરતું એક થાળી–વાટકામાં પીરસીને જાતે જ પોતાના નિવાસમાં જમવા ચાલ્યા ગયાં.

જમીને પાછાં ભોજન ખંડમાં આવી જરૂરી સાફસૂફી કરાવીને પોતે થોડા આરામ માટે તેમના ખંડમાં ગયાં.

બપોર પછી ત્રણેક વાગતા સુધીમાં તો ઓટલા પર અનેક ભાઇબહેનો આજુબાજુના ગામોમાંથી અહીં દવાખાને લાભ લેવા આવી પહોંચ્યા.

બરાબર ચાર વાગતાં જ સાધ્વીજી બપોરનું સ્નાન પતાવી ભસ્મલેપન કરીને ઓટાપર આવી એક આસનપર બિરાજમાન થયાં. તેમના મંદિરના એક જ શિષ્ય કે સેવક જેવા જણાતા સાધુ પાસે દવાની પેટી–સાધનો મંગાવ્યાં. અને એક પછી એક દર્દીની સારવાર કરવા લાગ્યાં. કેટલાય દર્દીઓને પોતાના કૌટુંબિક પ્રશ્નોની વિગતો પૂછતાં જાય અને જરૂરી સારવાર–દવા અને રાખવાની પરેજી વગેરેની માહિતી આપતાં જાય.

આ દરમ્યાન જ સોમનાથ તરફથી લોકસભા–રાજ્યસભાનું એક પ્રતિનિધિ મંડળ અહીં આવ્યું. સાથે રાજ્યના કેટલાક અધિકારીઓ પણ હતા. તેમણે હોમીયોપેથી અને આયુર્વેદની મિશ્રપદ્ધતિથી થતી સારવાર જોઇ. મહંતશ્રીએ ચા–કોફીથી મહેમાનોનું સ્વાગત કરાવ્યું. કોઇ આડંબર નહીં, કોઇ મોટાઇ નહીં, સાથે લાવેલ કેમેરાથી સંસ્થાના ફોટા લેવાયા. પરંતુ પોતાનો ફોટો તેઓ કોઇને લેવા–દેતાં નથી તેની સ્પષ્ટતા કરી.

લગભગ અર્ધો–પોણો કલાક રોકાઇને મહેમાનો પોરબંદર તરફ ગયા. લગભગ છ વાગતા સુધીમાં તેમણે બીજા અનેક દર્દીઓની સંભાળ લીધી. અહીં પછી બીમાર સાધુઓને બોલાવ્યા.



તેમને પણ પાટા–પીંડી, દવા વગેરે જરૂરી સારવાર આપી. અહીં સાધુઓને થોડા દિવસો જ રોકાવા દેવાય છે પરંતુ એક સાધુને પગમાં થયેલ સડાને કારણે છેલ્લા એક માસથી રોકીને સારવાર તેઓ આપી રહ્યાં હતાં. તેમણે સાધુને દિલાસો આપતાં કહ્યું. અહીંથી ચાલીને જવા જેવા થાવ ત્યારે જ રજા આપવાની છે.

દરરોજ લગભગ ૧૫૦ થી ૨૦૦ દર્દીઓ પોતાની આ સારવારનો લાભ લઇ રહ્યા છે, તેવું તેમણે લોકસભાના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી ત્યારે જાણવા મળ્યું.

સાંજે ફરી પાછા નિવાસમાં જઇ દરેક મંદિરોની દીવાબત્તી તથા આરતીની તૈયારી તેમણે અને તેમના એક મદદનીશ સાધુએ મળીને કરી. રાત્રીની આરતી માટે તેઓ જાતે જ સ્નાન–ભસ્મલેપન કરીને મંદિરમાં પધાર્યાં ત્યારે નવાઇ ઉપજી. એક મહિલા સાધ્વી સ્વરૂપે હનુમાનજીની આરતી શું તેઓ જ ઉતારશે? તેવો પ્રશ્ન મનમાં ઘોળાતો રહ્યો. ત્યાં તો ખરેખર તેમણે જ આરતીની વિધિનો પ્રારંભ કર્યો.

કોઇ બલિષ્ટ પુરુષ પૂજારીને પણ વામણો બનાવે તેવી અદાથી પૂજાની સઘળી વિધિ અને અનેક દીપમાળની બનેલી આરતીથી ઉતારાતી આરતી જોઇને જીવનનો એક ધન્ય લ્હાવો મળ્યાનો અહેસાસ થયો.

મોચા ગામ તો વેર–વિખેર હાલતમાં હોવાથી અહીં ગ્રામજનોની સંખ્યા આરતીમાં ચાર–પાંચ જ જણાઇ, પરંતુ દત્ત સંપ્રદાયના અને અન્ય સંપ્રદાયના લગભગ ત્રીશેક જેટલા સાધુઓ આરતીનું મંગલ ગાન કરી રહ્યા હતા. તે દૃશ્ય ખરેખર હૃદયંગમ હતું.

બહારના મંદિરોની આરતી પૂર્ણ કરીને મહંત શ્રી ગુરુ-ગાદીના ધુણાની આરતી કરવા તેમના નિવાસમાં ગયા. તમામ સાધુઓ પણ અંદર ગયા. દત્ત સંપ્રદાયની પ્રણાલિ મુજબ આ આરતી પણ લગભગ એક કલાક ચાલી. ધૂપ–દીપથી નિવાસમાં ચો–તરફ ફેલાયેલા ધુમાડા છતાં જે શિસ્ત, જે ભાવના, જે તાદાત્મ્ય જોવા મળ્યાં તે ખરેખર અજોડ હતાં.

રાત્રિ ભોજનમાં ગૃહસ્થીઓ ઓછા જ હોય છે. સાધુઓ જ વધુ હોય છે.

રાત્રિ ભોજન માટે પણ મહંતશ્રી જાતે જ સાધુઓની સેવા-માં લાગી ગયાં. સ્વયંસેવકોદ્વારા પીરસવાનું પૂર્ણ થતાં ભોજન પહેલાંની પ્રાર્થના પણ સાધુઓ બોલ્યા.

સાદુ અને પોષકતત્ત્વોથી ભરપૂર ભોજન આપવાની પ્રથાના અહીં દર્શન થયાં. ભાખરી, શાક, મગ, છાશ, ગોળ, અથાણાં આવી વાનગી નિયમિત મધ્યમવર્ગના લોકો પણ ઘેર પામી શકતા નથી.

ભોજન પૂર્ણ થતાં જ મંદિર માટે જોઈતી સામગ્રી પહોંચાડ-નારા મંદિરનું કામ કરતાં કારીગરો–મજૂરો વિગેરે પોતપોતાના હિસાબ સમજવા હાજર થયા. કેટલાક ગરીબ જરૂરતમંદો પણ આવ્યા હતા. આ સૌની સાથે એક કુશળ સંચાલકની અદાથી બને તેટલા કરકસરયુક્ત પણ કદરદાન તરીકે સૌનો હિસાબ ચૂકતે કર્યો. કેટલાક ગરીબોને ઠંડી માટે ધાબળાં કેટલાકને રોકડ અને અનાજ આપી વિદાય કર્યાં.

રાત્રે લગભગ અગિયાર વાગ્યે તેમના મદદનીશ સાધુને મોકલી મને નિવાસસ્થાનમાં બોલાવ્યો.



મેં તેમને તેઓ કયા દેશમાંથી અહીં આવ્યાં અને તેમના પૂર્વાશ્રમની વિગતો પૂછી, તો તેમણે એટલું જ કહ્યું. હવે અમારે સાધુને આ બાબત સાથે કોઇ સંબંધ નથી. તેથી તેમણે પોતાના દેશમાંથી સાંસ્કૃતિક અને ધાર્મિક બાબતોના અભ્યાસ અર્થે ભારતમાં આવી અનેક સ્થળોએ ફર્યાં હતાં. અને ગિરનાર પર્વત પરના એક દત્ત સંપ્રદાયના સાધુએ મને આ જગ્યાએ જઇ અભ્યાસ કરવા પ્રેરણા આપી હતી. અહીં ત્યારે હનુમાનજી મંદિર અને શંકર મંદિર સિવાય ખાસ પ્રગતિ થયેલી ન હતી, તે જોયું. અહીંના મહંત શ્રી રાજ્યગુરુજી હતા. તેઓની સાધના, તેઓની આસ્થા તેઓની શિષ્ય પારખવાની શક્તિ ખૂબ ઊંચી કક્ષાની હતી. મેં તેમની સાથે થોડા દિવસો પસાર કર્યાં તો તેમને ખાત્રી થઇ કે આ સ્ત્રી મને જરૂર મદદરૂપ થશે. મારો તેમણે શિષ્ય તરીકે સ્વીકાર કરતાં મેં ખૂબ ધન્યતા અનુભવી. તેમની અને હનુમાનજી મહારાજની કૃપાથી મેં ભારતની દત્ત સંપ્રદાયની સાધુતાના સઘળા પાઠો અહીં જ જાણ્યા અને પચાવ્યા. ગુરુજી મારી સાધનાથી સંતોષ પામ્યા. ગુરુજીનો સ્વર્ગવાસ થતાં તેઓ અહીં છેલ્લા દસેક વર્ષથી વહીવટ સંભાળી રહ્યાં છે. જાતે જ સાદાઇ અને મક્કમતા-થી આ સ્થાનકમાં ભક્તિભાવના વધારવાના પ્રયાસો કરે છે. હવે તો અહીં દરરોજ અનેક શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. મંદિર માટે બહાર ક્યાંક ફંડફાળો કરવો પડતો નથી. હનુમાનજીના ચરણે ધરાતી રકમમાંથી સઘળો ખર્ચ પૂરો થઇ રહે છે. પ્રભુ પોતાનું કામ, પોતાની રીતે કરતા લાગે છે.

તેઓએ આગળની શું યોજનાઓ છે? તેવું પૂછતાં કહ્યું કે, મને એવું લાગે છે કે મંદિરોનાં વિશાળ મકાનો, ભગવાનના મોંઘા આભૂષણો આ બધાની કઇ જરૂર નથી. આવી રકમો જો

સાધુ–સંતોની સેવામાં વપરાય તો એ ફરતાં તીર્થોદ્ધારા આપણા દેશનું ખૂબ ભલુ થઇ શકે. સાધુસંતો બીમાર પડે તો તેમની સારવાર કોઇ વ્યવસ્થિત રીતે કરતું નથી. આપણે ત્યાં જે સદાવ્રતો–અન્નક્ષેત્રો ચાલે છે. તેમાં સાધુને પૌષ્ટિકતા અર્પનારો ખોરાક પામવાની કોઇ કાળજી લેવાની નથી. આથી સાધુઓ માંદગીથી પીડાય છે. આ કારણોથી જ અહીં સારવાર અને ભોજન આપવાની કાળજી લેવામાં આવે છે.

તેમણે આ વિસ્તારના બાળકો માટે શિક્ષણ આપતી નજીકમાં શાળા નહીં હોવાથી પ્રાથમિક શાળા અહીં જ વૃક્ષના છાંયે શરૂ કરાવી છે. ઠંડી કે વરસાદમાં સત્સંગ હૉલ કે મહંતશ્રીના નિવાસસ્થાનનો પણ ઉપયોગ શાળા માટે કરાય છે. એક શિક્ષક બહારગામથી આવે છે અને સાંજે ચાલ્યા જાય છે તેમને અમે વેતન ચૂકવીએ છીએ.

દવાખાના માટેની દવાઓ તેમને કેટલાક તેમના જાણીતા વિદેશી લોકો મોકલી આપે છે. કેટલીક ઘરગથ્થુ ઔષધિઓ અહીં જ બગીચામાં ઉગાડી લેવામાં આવે છે.

તેમના ગુરુજીની ઇચ્છા મુજબ આ એક અનોખું ધર્મસ્થાન બને તે માટે તેઓ પ્રયત્ન કરી રહ્યાં છે તેમ જણાવી ઉમેર્યું કે, આ સંકુલ માટેની તમામ જમીન કાયદેસર રીતે સરકારમાંથી પ્રાપ્ત કરી છે. અહીંનાં સતીમાતા અને હનુમાનજી મહારાજની સાધનાથી મારા ગુરુજીએ આ પ્રવૃત્તિઓ કરવાની પ્રેરણા આપી છે. અહીં આવતા સાધુઓ યોગસાધનાનું જ્ઞાન મેળવે તે માટેના પ્રયત્નો પણ કરીએ છીએ.

આવા ક્રાંતિકારી વિચારોને સંઘરી બેઠેલાં એક વિદેશી



વિદુષીના દર્શન કરવાનો લ્હાવો ખરેખર લેવા જેવો છે. સોમનાથ કે પોરબંદર જવાનું તો આયોજન મહિલા મંડળો પણ કરે છે. તો આ સ્થાન જે પોરબંદરથી વીશેક કિ.મીના અંતરે આવેલું છે તેને નિહાળવા કુટુંબીજનો સાથે ગોઠવાય તો કંઇ ખોટું નથી.

ઈશ્વરની સર્વસમર્થતામાં પ્રાર્થના કરનારને અખૂટ શ્રદ્ધા હોય છે. આ શ્રદ્ધાનું બળ જ તેને મુશ્કેલ પરિસ્થિતિમાં પણ ટકી રહેવાનું બળ પૂરું પાડે છે.

યોગેશ્વરજી

ફોન : ૩૨૧૦૭૦૭, ૩૨૨૧૮૧૦
મોબાઇલ : ૯૮૨૫૧૩૭૩૫૫
દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત–૩૯૫ ૦૦૧.

# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

સિંહાસનસ્થ રામ સિંહાસન પરથી ઊઠીને એ ધરતી પાસે આવી પહોંચ્યા ને કહેવા લાગ્યા : 'સીતા, તું ક્યાં ચાલી ગઇ? તેં મારો ત્યાગ શા માટે કર્યો? તું ધરતીમાં શા માટે સમાઇ ગઇ? ગમે તેમ કર, પણ હવે બહાર નીકળ. તને હવે એક ક્ષણને માટે પણ દૂર નહિ થવા દઉં.'

વળી બોલ્યા : 'અરેરે, મને ક્યાં કલ્પના હતી કે, પરિણામ આવું વિચિત્ર આવશે? આવી ખબર હોત તો હું તને વનમાં મોકલત જ નહિ. તારા જવાથી મારું જીવન ઉજ્જડ બની ગયું.'

વાલ્મિકીએ રામને સાંત્વન આપતાં કહ્યું :

'સીતાના જવાથી હું પણ મારી પુત્રીને ખોઇ બેઠો છું. મારું દુઃખ તમારા દુઃખના જેવું જ અસહ્ય છે. પરંતુ એ દુઃખને સહન કર્યા સિવાય બીજો રસ્તો નથી. સીતાએ તમારી ઇચ્છા પ્રમાણે પોતાની પવિત્રતા તથા નિષ્ઠાની ખાતરી કરાવી આપી છે. એનું સમર્પણ ખૂબ જ કમનસીબ અને શોકજનક છે તોપણ પ્રજાને માટે—સમસ્ત સંસારની પ્રજા માટે પ્રેરણાદાયક થઇ પડશે. સીતાએ આપણને ત્યાગ, સંયમ, સ્નેહ તેમ જ સમર્પણનો મહામંત્ર પૂરો પાડયો છે. તમારા જીવનમાં જે અણધારી, આકરી અગ્નિપરીક્ષા આવી છે એમાંથી તમે પાર ઊતરશો એવી મને શ્રદ્ધા છે.

મંદોદરીએ કહ્યું : 'મને આટલે દૂરથી ઈશ્વરે આ જ જોવા



બોલાવી? સીતાનો અંત આટલો જલદી અને આવી કરુણ રીતે આવશે તેની મને કલ્પના સરખી ન હતી.'

ઊર્મિલા આંસુ સારતાં બોલી : 'સીતાવિનાના જીવનની કલ્પના પણ મારાથી નથી કરી શકાતી. એમ લાગે છે કે જીવનનો સારોય રસ જાણે કે સૂકાઇ ગયો.'

વિભીષણ, હનુમાન, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન ને વસિષ્ઠ પણ શોક કરવા લાગ્યા.

પરિસ્થિતિ એટલી બધી કરુણ હતી કે કોઇ કોઇને શાંત રાખે કે સમજાવે એવી શક્યતા જ ન રહી.

મહર્ષિ વાલ્મિકી અને વસિષ્ઠને માથે સૌને આશ્વાસન આપવાની જવાબદારી આવી પહોંચી.

એ બંને મહાપુરુષોવિના કોઇનામાં એ કામ કરવાની પૂરતી શક્તિ પણ ન હતી.

મહર્ષિ વાલ્મિકી મોડેથી ઉતારા પર આવ્યા ત્યારે કદ્રુ શ્રદ્ધાભક્તિથી પ્રેરાઇને એમના પગમાં પડયો.

એની આંખમાં પશ્ચાત્તાપનાં અનંત આંસુ ઉમટી પડયાં.

વાલ્મિકીએ એને આશીર્વાદ આપ્યો.

ભૃગુએ એને એકલો જોઇને જણાવ્યું : 'આજે તને પ્રકાશ મળ્યો, નવજીવન જડયું, તથા તારું સમર્પણ સંપૂર્ણ થયું, એ જોઇને સૌથી વધારે આનંદ મને થયો.'

'સાચું છે.' કદ્રુએ કહ્યું : 'આજે હું આપણા ગુરુદેવની મહાનતા સમજી શક્યો, અને એમનો સાચો શિષ્ય પણ આજે જ બની શક્યો.'

## વિદાય

સીતાના અદૃશ્ય થયા પછી રામનો વખત વિષાદમાં વીતવા લાગ્યો.

એ દિવસોમાં એકવાર રાજભવનના દ્વાર પાસે ઊભેલા લક્ષ્મણ પાસે આવીને એક તપસ્વીએ રામને મળવાની ઇચ્છા બતાવી.

લક્ષ્મણ એમને રામ પાસે લઇ ગયો, એટલે એ બોલ્યો : 'હું મહર્ષિ અતિબલનો દૂત છું. મારું નામ મહાબલ છે. મારે તમારી સાથે જે ગૂઢ વાત કરવી છે તે કરતી વખતે કોઇ ઉપસ્થિત ન રહે અથવા અંદર આવે પણ નહિ એવી વ્યવસ્થા કરો.'

રામે લક્ષ્મણને દ્વાર આગળ ઊભા રહેવાની અને કોઇ અંદર ન આવે તેનું ધ્યાન રાખવાની સૂચના આપી અને કહ્યું : 'જે અંદર આવશે તેને દેહાંતદંડની સજા કરવામાં આવશે.'

લક્ષ્મણ બહાર ગયો એટલે મહાબલે કહ્યું : 'રઘુનંદન, પૃથ્વી પરનો તમારો સમય હવે પૂરો થયો છે. મને એની સ્મૃતિ કરાવવા માટે મોકલવામાં આવ્યો છે.'

રામે જણાવ્યું : 'મને એનું સ્મરણ છે. હું હવે થોડા જ વખતમાં પરમ ધામમાં પ્રવેશ કરીશ.'

એટલામાં તો લક્ષ્મણે અંદર આવીને જણાવ્યું : 'બહાર મહર્ષિ દુર્વાસા આવ્યા છે ને તમને મળવા માગે છે. મારી ઇચ્છા અંદર આવવાની ન હતી, પરંતુ દુર્વાસા રોષે ભરાયા એટલે એમના શાપથી તમારું અમંગલ ન કરવા દેવાની ભાવનાથી પ્રેરાઇને હું અહીં આવી પહોંચ્યો છું.'



રામે દુર્વાસાની ઇચ્છાનુસાર એમને ભોજન કરાવ્યું.

પરંતુ લક્ષ્મણનું શું કરવું એ સંબંધી મુનિ વસિષ્ઠની સલાહ લીધી, તો એમણે કહ્યું : 'લક્ષ્મણનો ત્યાગ કરો તો તે સજા દેહાંતદંડની સજા જેવી જ થઇ પડશે.'

લક્ષ્મણનો ત્યાગ રામને ના છૂટકે, પોતાના વચન પાલન ખાતર, કરવો પડયો. લક્ષ્મણે રામથી અલગ થઇને જીવવા કરતાં પોતાના જીવનને શાંત કરવાના સંકલ્પ સાથે સરયુના શાંત તટ પર પદ્માસન વાળ્યું.

એ જોતજોતામાં સશરીર અદૃષ્ય થયો.

ઊર્મિલાએ પણ લક્ષ્મણની પાછળ સર્વ સમર્પણ કરવાનો સંકલ્પ કર્યો. એણે રામને કહ્યું : 'લક્ષ્મણના પુનર્મિલનની આશામાં વનવાસ વખતનાં વરસો મેં શાંતિપૂર્વક પસાર કરેલાં, પણ હવે તો લક્ષ્મણ અયોધ્યામાં ફરીવાર નહિ આવે એટલે મારે જ એમની પાછળ જવું જોઇએ.'

એ પણ સરયુ તટપર આસન વાળીને એવી રીતે જ અંતર્ધાન થઇ.

અને એ પછી જ્યારે રામે પોતાની જીવનલીલાને સંકેલી લેતાં એ જ રીતે સશરીર વિદાય લીધી ત્યારે લવ તથા કુશની સાથે લાખો અયોધ્યાવાસીઓની આંખ ટપકવા માંડી.

રામ અંતરીક્ષમાં દેખાતા બંધ થયા ત્યાંસુધી એમના સુંદર શરીર પર પુષ્પવૃષ્ટિ કરતાં સૌએ એમનો જય જયકાર કર્યો.

ભરત પણ ભાવવિભોર બનીને એ જ પ્રમાણે પ્રયાણ કરવાનું વિચારવા લાગ્યો.

રામના આદેશાનુસાર એણે થોડો વખત રાહ જોવાની હતી.

'રઘુપતિ રાઘવ રાજારામ, પતિતપાવન સીતારામ'ના પડછંદા બધે ફરી વળ્યા.

આખી અયોધ્યા આભા વગરની, આનંદ રહિત, બની રહી. સૃષ્ટિ સૂની, સાર વિનાની થઇ ગઇ.

(સંપૂર્ણ)

* * *

પ. પૂ. યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલી 'રામકથા' હવે આ અંકમાં (જૂન–૨૦૦૨ માં) પૂરી થાય છે. આ કથાને પૂ. શ્રી યોગેશ્વરજીએ 'સમર્પણ' નામ આપ્યું છે, તે યથાર્થ એટલા માટે છે કે તેનાં દરેક પાત્રો પરસ્પરના પ્રેમ અને કર્તવ્યભાવથી પ્રેરાઇને–કુટુમ્બ સમાજ કે સમગ્ર જનહિતને ધ્યાનમાં રાખી, પોતાનાં વ્યક્તિગત સુખોને જતાં કરી, ઉચ્ચ આદર્શોની પ્રણાલિ પ્રસ્થાપિત કરે છે. આજ ભાવના બીજાઓને પ્રેરણા પૂરી પાડી, સમાજને ઊંચે લઇ જવાનું કામ કરે છે.

— તંત્રી

## * વ્રત, ઉપવાસ હઠ નથી. *

કોઇ સાધના માટે ઉપવાસ કે વ્રત કરવાના કામને હઠ કહેવી બરાબર છે? મારી સમજ પ્રમાણે તેને હઠ નહિ પણ આગ્રહ કહી શકાય. તે જ પ્રયોગ તેને માટે બરાબર છે. સાધનાનો એવો સત્યાગ્રહ ધ્રુવ ને વાલ્મીકિ તથા તુકારામ ને નરસી જેવાએ કરેલો. પાર્વતીની વાત પણ એ બાબતે જાણીતી છે. એ સત્યાગ્રહ સૂકો નહિ પણ પ્રેમથી ભરેલો હતો. ભગવાનને માટે તેમના દિલમાં એટલી ભૂખ લાગી હતી કે તેમનું મન બીજે ક્યાંય લાગતું નહિ. ખાવાપીવા પરથી પણ તેમનું મન હઠી ગયેલું. એના મૂળમાં ઈશ્વરને માટેનો તીવ્ર પ્રેમ હતો. એ રીતે સમજીએ તો તે વાત સમજી શકાય તેમ છે. ને ધારો કે કોઇનામાં એટલો ઉત્કટ પ્રેમ ના હોય, થોડો જ પ્રેમ હોય, છતાં તે તપ વ્રત કે ઉપવાસ કરે ને ઈશ્વરની પ્રસન્નતાની આશા રાખે તો તે વ્રત કે તપના પ્રયાસને કેવળ હઠ કહીને હસી કાઢવાનું કે ઊડાવી દેવાનું શું બરાબર છે? મારી સમજ પ્રમાણે તો કદી નહીં. તેવા પ્રયાસના પાયામાં પણ ઈશ્વર માટેની ઇચ્છા રહેલી છે. તેથી તે ઇચ્છા ને તેને વ્યક્ત કરતો પ્રયાસ બંને આવકારદાયક છે. કોઇ સ્વજનનું મૃત્યુ થાય, ચોરી થાય કે ધંધામાં ખોટ જાય, તો માણસોને ખાવાનું ભાવતું નથી, ઊંઘ આવતી નથી, ને ચેન પડતું નથી. કોઇનો છોકરો ઘરેથી નાસી જાય તો છાપામાં છપાવે છે કે ભાઇ, તું જ્યાં હોય ત્યાંથી ઘેર આવી જા. તારા માતા–પિતાએ ખાવાનું મૂકી દીધું છે. પણ ઈશ્વરને માટે એવું થતું ભાગ્યે જ દેખાય છે. કોઇ માણસના દિલમાં ઈશ્વરને માટે પ્રેમ જાગી જાય, સાચો કે ખોટો ભાવ ઉત્પન્ન થાય, ને તે વ્રત તપ કરે તો તેમાં ખોટું શું છે?

યોગેશ્વરજી

ADHYATMA * Regd. No. GBV 113 * R.N.I.No.71957/99

## * લૌકિકબુદ્ધિથી મહાપુરુષોને ના મપાય. *

શ્રદ્ધા કેટલીકવાર હાલે છે એનું કારણ ગુરુ નથી હોતા, આપણે જ હોઈએ છીએ. આપણી પોતાની ભ્રાન્ત માન્યતાઓ, આપણા પોતાના પૂર્વગ્રહો, આપણી પોતાની દૃષ્ટિ અને વૃત્તિના દોષો, આપણી પોતાની સીમિત મર્યાદાઓ તેનાથી આપણે મહાપુરુષોને, ગુરુઓને માપવા જઈએ, હંમેશા પાછા પડી જઈએ છીએ. અને એને કારણે આપણને સત્પુરુષોનો જે પ્રકારનો લાભ મળવો જોઈએ તે પ્રકારના લાભથી વંચિત રહીએ છીએ. આપણા જ દોષો હોય, આપણી જ ત્રૂટિઓ હોય, આપણી જ અલ્પતાઓ હોય એને લીધે મહાપુરુષોની જે વિરાટ્ કાયા હોય, એમનું જે વિશાળ વ્યક્તિત્વ હોય તે વ્યક્તિત્વને આપણે માપી શકતા નથી. તે વ્યક્તિત્વને આપણે પરિપૂર્ણપણે જોઈ, જાણી અથવા મૂલવી પણ શકતા નથી. એટલે તો શાસ્ત્રોએ કહ્યું કે મહાપુરુષોને માપવાનો પ્રયત્ન કરવાને બદલે મહાપુરુષોને પ્રણામ કરવા, એમના જીવનમાંથી જે જાણવા મળે તે ગાંઠે બાંધવું અને તે પ્રમાણે ચાલવાને માટે પ્રવૃત્તિ આદરવી.

**યોગેશ્વરજી**

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, **ભાવનગર–૧.**